શ્રી એ.એમ.શેખ, પ્રિસાઈડીંગ ઓફીસર, લેબર કોર્ટ,
સુરત સમક્ષ

રેફરન્સ (ટી) નં.૮૩/૨૦૦૭
આંક : ૨૪

પ્રથમ પક્ષકાર : સ્વરાજ આશ્રમ વેડછી,
હે. ગામ વેડછી, તા.વાલોડ,
જી. સુરત.

વિરૂધ્ધ

બીજા પક્ષકાર : ગુમાબેન કાનજીભાઈ ચૌધરી,
રહે. મુ.પો.વેડછી,
તા.વાલોડ, જી. સુરત.

પ્રતિનિધિત્વ : પ્રથમ પક્ષકાર તરફે : વિ.વકીલશ્રી જયેશભાઈ બરવાળીયા.
બીજા પક્ષકાર તરફે : પ્રતિનિધિશ્રી દિપકભાઈ પીપરોડીયા.

:: એવોર્ડ ::

(૧) હાલનો રેફરન્સ ઔદ્યોગિક વિવાદ અધિનિયમની કલમ ૧૦ (૧) હેઠળ સુરતના મદદનીશ મજુર કમિશનરશ્રીના હુકમ ક્રમાંક : કેએચ / એસએચએમસી / એજે / આઈડીઆર /૨૪/૨૦૦૭, તા.૨૭–૨–૨૦૦૭ થી ઉપસ્થિત થયેલ છે અને તેમાં બીજા પક્ષકારે પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુન:સ્થાપિત થવાની દાદ માંગી છે.

હાલના કેસની અનુસૂચિ જોતાં જે નીચે મુજબ છે.

:: અનુસૂચિ ::

''ગુમાબેન કાનજીભાઈ ચૌધરીને તેમના પડેલા દિવસોના પગાર
સહિત નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ ? ''

(૨) બીજા પક્ષકારે મદદનીશ મજુર કમિશનર સમક્ષ આપેલ તા.૨–૧–૦૭ ની લેખિત ફરીયાદમાં જણાવ્યા મુજબ બીજા પક્ષકાર સ્વરાજ આશ્રમ વેડછીના કોઠાર વિભાગમાં અનાજ સાફ કરવાનુ કામ ૩૦ વર્ષથી રૂા.૧૫/– ના રોજીંદા પગારથી તેમની ફરજ બજાવતા હતા અને તેઓને ૧ લી જાન્યુઆરી ૨૦૦૦ના રોજથી છુટા કરવામાં આવેલ છે જે ફરીયાદ અન્વયે બંને પક્ષકારો વચ્ચે સમાધાન શકય ન હોય આ રેફરન્સ ન્યાયનિર્ણય માટે અત્રેની અદાલતમાં

રજુ થયા બાદ બંને પક્ષકારોને નોટીસ કાઢતા બીજા પક્ષકારે તેમના પ્રતિનિધિશ્રી મારફત હાજર થઈ આંક–૭ થી તેમનું માંગણાનું નિવેદન રજુ કરી જણાવેલ કે, તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં સળંગ છેલ્લા ૩૦ વર્ષથી અનાજ કોઠાર વિભાગમાં અનાજ સાફ કરવાનુ તથા અનાજ જાળવણી તથા ખેતીકામના હોદ્દા પર કાયમી કામદારની હેસીયતથી નોકરી કરતા આવેલા. વર્ષમાં સરેરાશ ૩૫૦ દિવસ નોકરીની ફરજ બજાવેલ છે. નોકરી દરમ્યાન શોકોઝ નોટીસ, ચાર્જશીટ આપેલ નથી કે ખાતાકીય તપાસ કરેલ નથી. બીજા પક્ષકારની નોકરીની ફરજ ખેતી, ગૌશાળા, શૈક્ષણીક સંસ્થા, અનાજ કોઠાર ગોડાઉન, માર્ગ મકાનના બાંધકામ રીપેરીંગ, રસ્તા રીપેરીંગ, ગટર વિગેરે ફરજ બજાવવાની હતી અને દૈનિક રૂા.૧૫/– પ્રમાણે ૧૫ દિવસે વાઉચર પર રેવન્યુ ટીકીટ લગાડી પગાર ચુકવતા હતા. લઘુતમ વેતનના કાયદા અનુસાર ઓછો પગાર ચુકવતા હોય બીજા પક્ષકારે મૌખિક વાંધો વિરોધ કરતાં જવાબદાર વ્યકિતઓ કાયદા મુજબ પગાર આપીશુ એવા વાયદા કરતા આવેલા. પ્રથમ પક્ષકાર સંસ્થા ચેરીટેબલ ટ્રસ્ટ છે અને સને ૧૯૨૪થી કાર્યરત છે. સંસ્થાના મકાનો ૧૯૩૫–૩૬થી બંધાયેલા છે. સંસ્થાની ૭૦ એકર ખેતીની જમીન છે. પ્રથમ રસોડાનો કાર્યક્રમ ચાલે છે જેમાં અંદાજે કુલ ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ ભણે છે. સંસ્થાના ૩૫ મકાનો આવેલા છે અને ધો.૧૧–૧૨ અને પી.ટી.સી.કોલેજ માં રહેવાનો, જમવાનો ખર્ચ વિદ્યાર્થીએ વાર્ષિક આપવાનો હોય છે. જે આવક થાય તેમાં સંસ્થાના સંચાલકો મનસ્વી રીતે ગેરરીતી ચલાવી રહેલ છે અને આવક અને ગ્રાંટનુ ખોટા વાઉચર ધ્વારા આવક જાવકનો વાર્ષિક અહેવાલ તૈયાર કરતા આવેલા. સંસ્થામાં આવકની ઉત્પતિ શૈક્ષણિક વેપાર, ખેતીવાડીની પેદાશોનુ વેચાણ તથા ગૌશાળા, અનાજ, ગાયોની ખરીદી તેની પાલનપોષણ કરી દુધ વેચાણ કરી નફો કરતી આવેલ. ખેતીની જમીનમાં સીઝન પ્રમાણે પાકો કામદારો પાસે કરાવી વેચાણ કરી અઢળક નફો કરે છે. સંસ્થામાં અંદાજે ૧૦૦ કામદારો કામ કરે છે. સંસ્થાના આચાર્ય શ્રી ખનસુખભાઈ ભાભર, મંત્રી શ્રી છેલભાઈ ભટ્ટ છે. ટ્રસ્ટીશ્રી માધુભાઈ ધુરીયાભાઈ ચૌધરી બાદ શ્રી નારણભાઈ દેસાઈ, પ્રમુખ અને શ્રી ભીખુભાઈ વ્યાસ પ્રમુખ બનેલ છે. આ તમામ સંસ્થાના પગારદાર હોદ્દેદાર છે અને પગારભથ્થા, પ્રવાસભાડુ સંસ્થામાંથી વાઉચર મુકી લે છે સંસ્થામાં પાંચ કલાર્ક, ૩ પટાવાળા, બે વોચમેન અને શિક્ષકો પગારદાર છે તે ઉપરાંત ૧૫ વિભાગોમાં પગારદાર કામદારો છે. પ્રથમ પક્ષકાર સંસ્થાને કાયદેસર

મજુર કાયદાઓ લાગુ પડે છે અને તેનુ પાલન કરવાની તેમની કાયદેસરની ફરજ અને જવાબદારી છે. પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને વારંવાર માગણી કરવા છતાં કાયદેસરના હકો અને લાભો આપેલા નહી જેથી તેવા હકો અને લાભોની પ્રથમ પક્ષકારના ટ્રસ્ટી અને સંચાલકો પાસે માગણી કરેલી પરંતુ પ્રથમ પક્ષકારના જવાબદાર વ્યકિતઓ બીજા પક્ષકાર ઉપર કિન્નાખોરી રાખતા અને કામમાં હેરાન પરેશાન કરી કનડગત કરતા આવેલા. ઉપરોકત માગણી કરતા પ્રથમ પક્ષકારના પ્રમુખશ્રી, ભીખુભાઈ વ્યાસ, આચાર્ય શ્રી ખનસુખભાઈ ભાભર, ટ્રસ્ટીશ્રી માઘુભાઈ ઘુરીયાભાઈ ચૌધરી, મંત્રી શ્રી છેલભાઈ ભટ્ટ, શ્રી નારણભાઈ દેસાઈએ ઉશ્કેરાઈ જઈ કોઈપણ જાતના વાંકગુના વિના અને બચાવની તક આપ્યા વિના તા.૧–૧–૨૦૦૦ના રોજ સવારે ૮–૦૦ કલાકે મૌખિક હુકમથી નોટીસ કે નોટીસ પગાર કે છટણીવળતર કે કાયદેસરના હકોના નાણા ચુકવ્યા વગર નોકરીમાંથી કાઢી મુકેલા તેમ છતાં બીજા પક્ષકાર રોજેરોજ નોકરી પર જતા પરંતુ પ્રથમ પક્ષકાર સંસ્થામાં દાખલ થવા દેતા ન હતા અને છેલ્લે ના પાડી દીધેલ. બીજા પક્ષકાર જે પોસ્ટ પર કામ કરતા હતા તે આજે પણ ચાલુ છે અને તે જગ્યા પર બીજા કામદારની ભરતી કરી છે. જુનીયરોને નોકરીમાં ચાલુ રાખી સીનીયરોને ગેરકાયદેસર નોકરીમાંથી કાઢી મુકેલા છે. બીજા પક્ષકારે અન્ય જગ્યાએ નોકરી મેળવવા પ્રયત્ન કરેલા પરંતુ નોકરી મળેલ નથી અને હાલ બેકાર છે. નોકરીમાંથી કાઢી મુકયા બાદ અણઆવડત, પછાતપણુ અને કાયદાની જાણકારીના અભાવે અને પ્રથમ પક્ષકાર સંસ્થાના શબ્દોમાં વિશ્વાસ રાખવાને કારણે વિલંબ થયેલ છે. આમ, પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને તા.૧–૧–૨૦૦૦ના રોજ મૌખિક હુકમથી નોકરીમાંથી કાઢી મુકવાનુ કરેલ કૃત્યુ ખોટુ, અન્યાયી અને ગેરકાયદેસરનુ જાહેર કરી બીજા પક્ષકારને નોકરીમાં મુળ જગ્યાએ નોકરીની સાતત્યતા સાથે પડેલા દિવસોના પગાર તથા આનુસાંગિક લાભો સાથે પુન:સ્થાપિત કરે તેવો હુકમ ફરમાવવા તથા ખર્ચ અપાવવા અરજી કરેલ છે.

(૩) બીજા પક્ષકાર તરફે રજુ થયેલ માંગણાનાં નિવેદન વિરૂધ્ધ પ્રથમ પક્ષકારે તેમના વિ. વકીલ મારફતે હાજર થઈ આંક–૮ થી તેમનો લેખિત જવાબ રજુ કરેલ છે. તેમાં જણાવ્યા મુજબ બીજા પક્ષકારનું માંગણાનું નિવેદન ખરુ નથી અને કબુલ નથી. બીજા પક્ષકારનું માંગણાનુ નિવેદન કાયદામાં ટકી શકે તેમ ન હોય તેમજ સમયમર્યાદાનો બાધ નડતો હોય ખર્ચસહીત રદ

થવાને પાત્ર છે. બીજા પક્ષકારે તેમના માગણાના નિવેદનના પેરામાં જણાવેલ તમામ આક્ષેપો ખરા અને કબુલ નથી અને તે તમામનો ભારપુર્વક ઈન્કાર કરવામાં આવે છે. હકીકતમાં બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં કદી કાયમી કામદાર તરીકે કામ કરેલ ન હતુ તેઓ ખરેખર રોજીંદા પગારના દરથી કામ કરતા હતા. કારણ કે તેઓને રોજીંદા દરે જરુર પડે ત્યારે બોલાવવામાં આવતા હતા અને સવારે બે કલાક અને સાંજના બે કલાક કામ કરતા હતા. પુર્ણ સમય માટે કામ કરતા ન હતા અને દૈનિક રુા.૨૫/— મહેનતાણુ મેળવતા હતા. તેઓ કુશળ અકુશળનુ કામ કરી શકતા ન હતા પરંતુ સામાન્ય મજુર ટાઈપનુ કામ કરતા હતા. સંસ્થામાં શેરડીનુ વાવેતર હોય તો શેરડીમાં ૩ નિંદણની જરુર પડે અને ડાંગરનુ વાવેતર હોય તો ૪ નિંદણની જરુર પડે અને આ નિંદણ અઠવાડીયા માટે ચાલતુ હોય છે. આમ વર્ષ દરમ્યાન કુલ ૨૪ દિવસનુ શેરડી માટેનુ નિંદણ અને ડાંગર હોય તો ૩૨ દિવસનુ નિંદણ કામ થતુ હતુ. આશ્રમમાં રહેતા વિદ્યાર્થીઓને બે વેકેશન હોય જેથી ૬૦ દિવસથી વધુ સમય માટે આશ્રમમાં રહેતા ન હોય બે મહીના કામગીરી રહેતી નથી. પ્રથમ પક્ષકાર સંસ્થા ચેરીટેબલ ટ્રસ્ટ નીચે નોંધાયેલ છે અને સંપુર્ણ રીતે ગ્રાંટ પર ચાલે છે સરકારશ્રી તરફથી ગ્રાંટ મળે છે તે ગ્રાંટમાં આશ્રમનો રખરખાવ, નિભાવણી અને વિદ્યાર્થીનુ ભણતરનુ જમવાનુ શકય બને છે. સંસ્થામાં ગરીબ અને આદિવાસી વિસ્તારના બાળકોનુ શિક્ષણ કાર્ય ચાલે છે. બીજા પક્ષકાર કાયમી કર્મચારી ન હોય શોકોઝ નોટીસ, ચાર્જશીટ આપવાનો કે ખાતાકીય તપાસ કરવાનો સવાલ ઉપસ્થિત થતો નથી. બીજા પક્ષકારે તેમની કહેવાતી છુટા કર્યા તારીખના સાત વર્ષ પછી રેફરન્સ કરેલ છે અને અરજી કર્યાના ચાર વર્ષ પછી માગણાનુ નિવેદન રજુ કરેલ છે. પ્રથમ પક્ષકાર સરકારી ગ્રાંટ પર નભતી સંસ્થા છે અને ગ્રાંટ સરકારી ધારાધોરણ પ્રમાણે આપવામાં આવે છે અને ગાંધીજીના આદર્શો નીચે ચાલતી સંસ્થા છે જેટલા વિદ્યાર્થીઓ હોય તેની સંખ્યા સામે ગ્રાંટ મળે છે. ખેતીની જમીનમાંથી જે ઉત્પાદન થયેલ હોય તે ઉત્પાદનથી ચીજવસ્તુ સીધી રીતે ઉપયોગમાં લઈ શકાય તેવી ન હોય તો તેવી ચીજવસ્તુનુ વેચાણ કરી તેમાંથી થતી આવક આશ્રમ શાળાના શુભ કાર્યમાં વાપરવામાં આવે છે. બીજા પક્ષકાર આશ્રમશાળામાં કામ કરતા હતા કોઈ ફેકટરીમાં કામ કરતા ન હતા તેમજ કોઈને પણ કાયમી કામદાર તરીકે રાખેલ ન હોય તેમજ નોકરીમાંથી છુટા કરવા અંગે કોઈ નોટીસ આપેલ ન હોય બીજા પક્ષકારે

તા.૧–૧–૨૦૦૦ના રોજ છુટા કરેલ હોવાનુ જણાવેલ છે જે મનઘડત રીતે જણાવેલ છે. સંસ્થામાં કોઈપણ કર્મચારીને કયારેય કામ પર રાખતા અટકાવેલ નથી. બીજા પક્ષકારની નોકરી કાયમી ન હતી કે તેઓ કોઈ પોસ્ટને લાયક ન હતા કે તેઓની કોઈ નકકી થયેલ પોસ્ટ ન હતી તેઓ ખરેખર મજુર તરીકે કામ કરતા હોય કોઈપણ જગ્યાએ કામ કરી શકે છે. બીજા પક્ષકાર કોઈ નોકરી પર ન હતા પરંતુ જરુર પડે ત્યારે કામ પર બોલાવવામાં આવતા હતા. સદર સંસ્થા આદિવાસીઓના બાળકોના કલ્યાણ માટે ચાલતી સંસ્થા છે અને સરકારશ્રી તરફથી સમય સમય માટે અને વિદ્યાર્થીઓની સંખ્યા તેમજ સ્ટાફની સંખ્યાના આધારે અનુદાન મળે છે. આમ, બીજા પક્ષકાર પ્રથમ પક્ષકારને ત્યાં કહેવાતી છુટા કર્યા તા.૧–૧–૨૦૦૦ ના અગાઉ ૧૨ મહીનામાં ૨૪૦ દિવસથી વધુ નોકરી કરેલ હોવાનુ પુરવાર કરી શકતા ન હોય અને પ્રથમ પક્ષકારે આઈ.ડી.એકટની કલમ ૨૫ એફનો ભંગ કરેલ ન હોય બીજા પક્ષકાર પડેલા દિવસોના પગાર સાથે કે પડેલા દિવસોના પગાર વગર નોકરીમાંથી પુન:સ્થાપિત થવા હકદાર થતા ન હોય રેફરન્સ ખર્ચસહીત રદ કરવા અરજી કરેલ છે.

સદર કામે બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થાના કબજામાં રહેલા દસ્તાવેજી પુરાવા રજુ કરાવવા અરજી આપવાની હોય આંક–૧૫ થી તેમનો પુરાવાનો હક રીઓપન કરવા અરજી આપતા તે મંજુર કરતા આંક–૧૬ થી બીજા પક્ષકારે દસ્તાવેજી પુરાવા રજુ કરવા અરજી આપેલ જેનો પ્રથમ પક્ષકારે આંક–૧૭ થી લેખીત જવાબ આપેલ ત્યારબાદ નામદાર કોર્ટે બંને પક્ષકારોને સાંભળી બીજા પક્ષકારની અરજી અંશત: મંજુર કરી પ્રથમ પક્ષકારે તા.૧–૧–૯૭ થી તા.૧–૧–૨૦૦૦ સુધીના સંસ્થાના પગારપત્રક તથા હાજરીપત્રકના દસ્તાવેજો હુકમ તારીખથી દિન.૩૦ માં રજુ કરવા વિકલ્પે સોગંદનામુ રજુ કરવા તા.૧૭–૧૨–૧૬ ના રોજ હુકમ કરેલ છે જે હુકમ મુજબ પ્રથમ પક્ષકાર તરફે નઈ તાલીમ અધ્યાપન વિભાગના તથા ઉત્તર બુનીયાદી વિભાગના તા.૧–૧–૯૭ થી તા.૩૧–૧–૨૦૦૦ સુધીના હાજરીપત્રક અને પગારપત્રકની ઝેરોક્ષનકલ આંક–૧૮ ના લીસ્ટથી રજુ કરેલ છે જેમાં બીજા પક્ષકારના પ્રતિનિધિશ્રીએ સદર દસ્તાવેજો કબુલ નથી અને ખરા નથી જેથી તે આંકે પડે તે સામે વાંધો હોવાનુ જાહેર કરેલ છે. પ્રથમ પક્ષકારે આંક–૨૦

થી ઓળખપત્રક રજીસ્ટર રાખતા ન હોય તેનો પુરાવો રજુ કરી શકે તેમ નહી હોવાની એફીડેવીટ રજુ કરેલ છે.

(૪) બીજા પક્ષકાર તરફે રજુ થયેલ મૌખિક પુરાવા.

૧	બીજા પક્ષકાર ગુમાબેન કાનજીભાઈ ચૌધરીની જુબાનીની એફી.	આંક–૧૧
૨	બીજા પક્ષકાર તરફે પુરાવા બંધની પુરસીશ	આંક–૧૨

બીજા પક્ષકાર તરફે રેફરન્સ નં.૫૮/૦૭ ના કામે નિ.૨૪/૧ થી નિ.૨૪/૩ સુધી રજુ થયેલ દસ્તાવેજી પુરાવાને હાલના કામે ગણી લેવા આંક–૨૧ થી પુરસીશ રજુ કરેલ છે.

પ્રથમ પક્ષકાર તરફે રજુ થયેલ મૌખિક પુરાવા.

૧	શ્રી માધુભાઈ ધુરીયાભાઈ ચૌધરીની જુબાનીની એફીડેવીટ	આંક–૧૩
૨	પ્રથમ પક્ષકાર તરફે પુરાવા બંધની પુરસીશ	આંક–૨૩

પ્રથમ પક્ષકાર તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા.

૧	પ્રથમ પક્ષકાર સંસ્થાના નઈ તાલીમ અધ્યાપન વિભાગના તા.૧–૧–૯૭ થી ૩૧–૧–૨૦૦૦ સુધીના હાજરીપત્રકની ઝેરોક્ષ	નિ.૧૮/૧
૨	પ્રથમ પક્ષકાર સંસ્થાના નઈ તાલીમ અધ્યાપન વિભાગના તા.૧–૧–૯૭ થી ૩૧–૧–૨૦૦૦ સુધીના પગારપત્રકની ઝેરોક્ષ	નિ.૧૮/૨
૩	પ્રથમ પક્ષકાર સંસ્થાના ઉત્તર બુનીયાદી વિભાગના તા.૧–૧–૯૭ થી ૩૧–૧–૨૦૦૦ સુધીના હાજરીપત્રકની ઝેરોક્ષ	નિ.૧૮/૩
૪	પ્રથમ પક્ષકાર સંસ્થાના ઉત્તર બુનીયાદી વિભાગના તા.૧–૧–૯૭ થી ૩૧–૧–૨૦૦૦ સુધીના પગારપત્રકની ઝેરોક્ષ	નિ.૧૮/૪
૫	પ્રથમ પક્ષકાર સંસ્થાના સને ૧૯૯૭–૯૮ના વર્ષના આવક ખર્ચના હિસાબની ઓડીટ થયેલ ઝેરોક્ષ નકલ	નિ.૨૨/૧
૬	પ્રથમ પક્ષકાર સંસ્થાના સને ૧૯૯૮–૯૯ના વર્ષના આવક ખર્ચના હિસાબની ઓડીટ થયેલ ઝેરોક્ષ નકલ	નિ.૨૨/૨
૭	પ્રથમ પક્ષકાર સંસ્થાના સને ૧૯૯૯–૨૦૦૦ના વર્ષના આવક ખર્ચના હિસાબની ઓડીટ થયેલ ઝેરોક્ષ નકલ	નિ.૨૨/૩

(૫) બીજા પક્ષકારના યુનીયન પ્રતિનિધિશ્રીની દલીલો સાંભળી. તેઓએ આંક–૭ ના માગણાના નિવેદનમાં જણાવ્યા મુજબની રજુઆત કરી પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને તા.૧–૧–૨૦૦૦ના રોજ મૌખિક હુકમથી નોકરીમાંથી કાઢી મુકવાનુ કરેલ કૃત્ય ખોટુ, અન્યાયી અને ગેરકાયદેસરનુ જાહેર કરી બીજા પક્ષકારને નોકરીમાં મુળ જગ્યાએ નોકરીની સાતત્યતા

સાથે પડેલા દિવસોના પગાર તથા આનુસાંગિક લાભો સાથે પુન:સ્થાપિત કરે તેવો હુકમ ફરમાવવા હાલનો રેફરન્સ કરેલ હોવાનુ જણાવેલ છે. તેઓએ માગણાના નિવેદનની હકીકત મુજબ રજુઆત કરેલ છે.

વધુમાં એવી દલીલ કરેલ છે કે, બીજા પક્ષકાર અભણ, કાયદાના અજ્ઞાન અને ગરીબ આદીવાસી જાતીના હોય નોકરીમાંથી છુટા કર્યા બાદ રેફરન્સની કાર્યવાહી કરવી પડે તેવી જાણકારી ન હોય અને પ્રથમ પક્ષકારના શબ્દોમાં લાંબા સમય સુધી વિશ્વાસ રાખેલ તેમ છતાં નોકરી પર પરત ન લેતા યુનીયનને મળતા રેફરન્સની કાર્યવાહી કરવી પડે તેવુ જણાવતા તા.૨–૧–૦૭ ના રોજ લેબર ઓફીસર સમક્ષ લેખીત ફરીયાદ કરેલ જેમાં સમાધાન ન થતાં સદર રેફરન્સ રીફર કરતાં બીજા પક્ષકારે આંક–૭ થી માગણાનુ નિવેદન રજુ કરેલ છે. બીજા પક્ષકારે માગણાના નિવેદનની હકીકતના સમર્થનમાં આંક–૧૧ થી જુબાનીની એફી. રજુ કરેલ છે. બીજા પક્ષકારની ઉલટતપાસમાં સંસ્થા વિરુધ્ધની કોઈ હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી બીજા પક્ષકાર તેમની ઉલટતપાસમાં તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં વર્ષોથી કામ કરતા હોવાની અને તેમની રોજના રુા.૧૫ મળતા હોવાની હકીકતને વળગી રહેલ છે.

વધુમાં એવી દલીલ કરેલ કે પ્રથમ પક્ષકારે તેમના લેખીત જવાબમાં બીજા પક્ષકાર મજુર તરીકે રોજીંદા દરે કામ કરતા હોવાની અને કાયમી કામદાર ન હોવાની તથા ૨૪૦ દિવસ કામ કરેલ નહી હોવાની તકરાર લીધેલ છે. હકીકતમાં બીજા પક્ષકાર છુટા કર્યા અગાઉના ૩૦ વર્ષથી કામ કરતા હતા અને દર વર્ષે ૩૫૦થી વધુ દિવસ કામ કરેલ છે. બીજા પક્ષકારને સંસ્થા હાજરીકાર્ડ, પગારચીઠ્ઠી કે ઓળખકાર્ડ આપતી ન હતી જેથી આંક–૧૬ થી દસ્તાવેજી પુરાવા રજુ કરવા અરજી કરતા નામદાર કોર્ટે તા.૧–૧–૯૭ થી ૩૧–૧–૨૦૦૦ સુધીના હાજરીપત્રક પગારપત્રક અને ઓળખપત્રક રજીસ્ટરના પુરાવા વિકલ્પે સોગંદનામુ રજુ કરવાનો હુકમ કરેલ આ હુકમ મુજબ પ્રથમ પક્ષકારે માત્ર નઈ તાલીમ અધ્યાપન અને ઉત્તર બુનીયાદી વિભાગના હાજરીપત્રક અને પગારપત્રકની ઝેરોક્ષનકલો આંક–૧૮ના લીસ્ટથી રજુ કરેલ છે. સંસ્થામાં ૧૫ જેટલા વિભાગો આવેલા છે અને તે તમામ વિભાગોમાં કામ કરતા કામદાર–કર્મચારીઓના હાજરીપત્રક, પગારપત્રકના પુરાવા રજુ કરેલા નથી. પ્રથમ પક્ષકારે તેમની જુબાનીમાં રોજીદા કામદારોના સંસ્થામાં હાજરીપત્રક અને પગારપત્રક રાખવામાં આવતા હોવાનુ અને બીજા

પક્ષકારને હાજરીકાર્ડ, પગારચીઠ્ઠી આપતા નહી હોવાનુ કબુલ કરેલ છે એ રીતે આંક–૧૬ ના હુકમ મુજબ રોજીંદા કામદારોના હાજરીપત્રક, પગારપત્રકના પુરાવા સંસ્થાએ જાણીબુઝીને રજુ કરેલ નથી કે આ પુરાવા રજુ નહી કરવા અંગે કોઈ એફીડેવીટ રજુ કરેલ નથી. બીજા પક્ષકારને સંસ્થા ધ્વારા મજુર કાયદા મુજબના કોઈ પુરાવા આપતા ન હોય ત્યારે કામદાર એવા પુરાવા રેકર્ડ પર રજુ કરી શકે નહી. સંસ્થાએ આંક–૧૮ થી રજુ કરેલા તમામ પુરાવા ઝેરોક્ષ નકલ છે તે પ્રમાણીત નકલ નથી અને આ પુરાવા પ્રથમ પક્ષકારે આંક–૧૩ ની જુબાનીની એફીડેવીટ રજુ કર્યા બાદ રજુ કરેલ છે તે દસ્તાવેજોની હકીકતને પ્રથમ પક્ષકારના મૌખિક પુરાવાથી સમર્થન મળેલ નથી વળી તેના અસલ પુરાવા રજુ કરેલ નથી. અસલ પુરાવા સંસ્થા પાસે છે કે કેમ અગર તે ખોવાઈ ગયેલ કે નાશ પામેલ છે તે અંગે રેકર્ડ પર કોઈ ખુલાસો કરેલ નથી કે તે અંગેના કોઈ પુરાવા રજુ કરેલા નથી જેથી આંક–૧૮ ના લીસ્ટથી રજુ કરેલ દસ્તાવેજી પુરાવા ઝેરોક્ષ નકલ હોય અને તેના અસલ પુરાવા અંગે કોઈ ખુલાસો કરેલ ન હોય તે સેકન્ડરી એવીડન્સ તરીકે વંચાણે લઈ શકાય નહી. સંસ્થાએ આંક–૧૬ ના હુકમ મુજબ સંસ્થાના તમામ કર્મચારીઓના રજીસ્ટરો રજુ કરેલ ન હોય અને બીજા પક્ષકારે તેમની સોગંદ પરની જુબાનીથી પોતાના પર રહેલ પુરાવાના બોજાનુ ખંડન કરેલ હોય તેથી બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થાના કામદાર હોવા અંગે તથા છુટા કર્યા અગાઉના ૧૨ માસમાં ૨૪૦ દિવસ કામ કરેલ હોવા અંગે સંસ્થા સામે વિરુધ્ધનુ અનુમાન કરવાની જરુર છે.

વધુમાં એવી દલીલ કરેલ છે કે, પ્રથમ પક્ષકાર સંસ્થા ચેરીટેબલ સંસ્થા છે તેમાં અંદાજે ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ ભણે છે તથા ૩૫ મકાનો આવેલા છે. સંસ્થા વિદ્યાર્થીઓ પાસેથી ફી પણ ઉઘરાવે છે અને આવક જાવકના વાર્ષિક અહેવાલ તૈયાર કરે છે. સંસ્થામાં ૭૦ એકર ખેતીની જમીન છે તેમાં ખેતી કરી ખેતીવાડીની પેદાશોનુ વેચાણ કરી આવક મેળવે છે તેમજ ગૌશાળામાં ગાયોની ખરીદી અને તેના દુધનુ વેચાણ કરે છે. એ રીતે પ્રથમ પક્ષકાર સંસ્થા નફો કરતી સંસ્થા છે અને બીજા પક્ષકાર જેવા કામ કરતા કામદારોને સંસ્થામાં થતી આવકમાંથી મહેનતાણુ ચુકવવામાં આવે છે. જેથી પ્રથમ પક્ષકાર સંસ્થાનો ઉદ્યોગમાં સમાવેશ થાય છે અને તેને આઈ.ડી. એકટ લાગુ પડે છે.

વધુમાં એવી દલીલ કરેલ છે કે, આઈ.ડી.એકટની કલમ ૨(એ)માં સને ૨૦૧૦માં એમેન્ડમેન્ટ થયેલ છે. બીજા પક્ષકારે રેફરન્સની કાર્યવાહી કરવામાં થયેલ વિલંબ અંગે લેબર ઓફીસર સમક્ષ ડીલેકોન્ડોન માટે અરજી કરેલી છે. બીજા પક્ષકાર ગામડાના અભણ અને ગરીબ પરિસ્થિતિમાંથી આવતા આદિવાસી ઈસમ છે. તેઓને નોકરીમાં પરત લઈ લેવા સંસ્થા અવારનવાર આશ્વાસનો આપતા હોય અને આ કાયદા અંગેની જે તે સમયે કોઈ સમજ ન હોવાથી શરુઆતમાં કાર્યવાહી કરી શકેલ નહી. સને ૨૦૦૭માં કે તે પહેલા રેફરન્સ અંગે કોઈ સમયમર્યાદાની જોગવાઈ ન હતી. જેથી ડીલે માફની અરજીમાં જણાવેલા કારણો ઘ્યાને લઈ વિલંબ માફ કરવાની જરુર છે.

વધુમાં એવી દલીલ કરેલ છે કે, સંસ્થા ઘ્વારા બીજા પક્ષકારને મજુર કાયદા મુજબના કોઈ પુરાવા આપવામાં આવતા ન હતા જેથી બીજા પક્ષકારે નોકરી અંગેના કોઈ પુરાવા રજુ કરી શકેલ નથી. બીજા પક્ષકારે આંક–૧૬ થી નોકરીના સમયગાળા દરમ્યાનના જરુરી દસ્તાવેજી પુરાવા રજુ કરવા અરજી આપતા નામ.કોર્ટે કરેલ હુકમ મુજબ તમામ વિભાગના કર્મચારીઓના પત્રકો રજુ કરેલ નથી. બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં ૩૦ વર્ષથી અનાજ કોઠાર વિભાગમાં અનાજ સાફ કરવાનુ તથા અનાજ જાળવણી તથા ખેતીકામના હોદૃા પર કામ કરતા હતા. પ્રથમ પક્ષકાર સંસ્થાના સાહેદે તેમની ઉલટતપાસમાં બીજા પક્ષકારે સંસ્થામાં બીજા પક્ષકાર તેમને ત્યાં વરસોવરસથી કામચલાઉ રોજીંદા કામદાર તરીકે કામ કરેલ હોવાનુ સ્પષ્ટપણે કબુલ કરેલ છે. બીજા પક્ષકારને સંસ્થા ઘ્વારા કોઈ પુરાવા આપતા ન હોય તેઓએ પોતાના મૌખિક પુરાવાથી પુરાવાના બોજાનુ ખંડન કરેલ છે. જેથી ઓનર્સ ઓફ પ્રુફ સંસ્થા ઉપર ખસેલ તેમ છતાં સંસ્થાએ બીજા પક્ષકારે ૨૪૦ દિવસ કામ કરેલ નહી હોવાની લીધેલ તકરાર અંગે રોજીંદા કામદારના હાજરીપત્રક, પગારપત્રકના પુરાવા રજુ કરેલ નથી કે તેવા પુરાવા રજુ નહી કરવા અંગે કોઈ ખુલાસો કરેલ નથી. જેથી બીજા પક્ષકારે છુટા કર્યાના અગાઉના વર્ષના ૨૪૦થી વઘુ દિવસ કામ કરેલ હોવાનુ સાબીત થતુ હોય સંસ્થા સામે વિરુઘ્ધનુ અનુમાન કરવા જણાવેલ છે. સંસ્થાને આઈ.ડી.એકટ લાગુ પડતુ હોય કામદારને છુટા કરવા કલમ ૨૫–એફની જોગવાઈનુ પાલન કરવા બંધાયેલ છે તેમ છતાં તેઓએ તેવી જોગવાઈનુ પાલન કર્યા વગર બીજા પક્ષકારને તા.૧–૧–૨૦૦૦ ના રોજ મૌખિક હુકમથી વિના વાંકે ગેરકાયદેસર રીતે છુટા કરેલ

હોવાની હકીકત મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી સાબીત કરેલ હોય બીજા પક્ષકારને પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં પુન:સ્થાપન કરવા સદરહુ રેફરન્સ ખર્ચસહીત મંજુર કરવા જણાવેલ છે. તેઓએ તેમની દલીલના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ રજુ કરેલ છે.

(1) 1996 (3) LLN 563 (BOM.C.) પ્રેસીડન્ટ અંધ મહીલા આશ્રમ વિ. જે.જી.અજગાંવકર

(2) 1978 (0) GLHEL-SC 31272 (S.C). સ્વરાજ આશ્રમ કાનપુર વિ. ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ (૩) ઉત્તરપ્રદેશ, કાનપુર.

(૫.૧) પ્રથમ પક્ષકારના વિ.વકીલશ્રીની દલીલ સાંભળી તેઓએ આંક–૮ ના લેખીત જવાબમાં જણાવ્યા મુજબની રજુઆત કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, બીજા પક્ષકાર કાયમી કામદાર નથી કે મંજુર થયેલ પોસ્ટ ઉપરના કર્મચારી નથી. બીજા પક્ષકારને સંસ્થામાં થતી ખેતીકામમાં શેરડી અને ડાંગરના નિંદામણ કામ માટે જરુર પડે ત્યારે દૈનિક રુા.૨૫ ના દરેથી રોજમદાર તરીકે બોલાવવામાં આવતા હતા. તેઓને નિમણુંકપત્ર ધ્વારા નોકરીમાં રાખેલ નથી તેઓએ ૨૪૦ દિવસ કામ કરેલ નથી. પ્રથમ પક્ષકાર સંસ્થા સરકારી ગ્રાંટ ધ્વારા ચાલતી શૈક્ષણિક સંસ્થા છે અને તેમાં વિદ્યાર્થીઓના વિકાસ માટે ધો.૮ થી ૧૨ તથા પીટીસીના વિદ્યાર્થીઓને રહેવા, ભણવા, જમવાની સુવિધા આપી શૈક્ષણિક કામગીરી કરે છે અને વિદ્યાર્થીની સંખ્યા તથા મોંઘવારી મુજબ સરકારશ્રીમાંથી જે ગ્રાંટ મળે તેમાંથી સંસ્થાનું સંચાલન થાય છે જેથી પ્રથમ પક્ષકાર સંસ્થા ચેરીટેબલ ટ્રસ્ટ હોય તેનો ઉદ્યોગની વ્યાખ્યામાં સમાવેશ થતો નથી કે સંસ્થાને આઈ.ડી.એકટ લાગુ પડતો નથી. આંક–૧૬ ના હુકમ મુજબ સંસ્થામાં નોકરી કરતા કર્મચારીઓના હાજરીપત્રક અને પગારપત્રકના પુરાવા આંક–૧૮ ના લીસ્ટથી રજુ કરેલ છે તથા ઓળખપત્ર નિભાવવાના ન હોય તે અંગે એફી. રજુ કરેલ છે. આ પત્રકોમાં બીજા પક્ષકારનુ કામદાર તરીકે નામ આવેલ નથી. સંસ્થા આવક જાવકના હિસાબો રાખે છે અને સરકારશ્રી ધ્વારા ઓડીટ થાય છે તે હિસાબોના પુરાવા આંક–૨૨ ના લીસ્ટથી રજુ કરેલ છે. બીજા પક્ષકારે ૩૦ વર્ષથી સંસ્થાના કામદાર તરીકે કામ કરેલ હોવાનુ અને દર વર્ષે ૨૪૦ થી વધુ દિવસ કામ કરેલ હોવાનુ પુરવાર કરવાની જવાબદારી બીજા પક્ષકારની છે તે અંગે બીજા પક્ષકારે કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી કે સહકામદારને સાક્ષી

તરીકે તપાસેલ નથી. સંસ્થામાં ૬૦ દિવસ વેકેશન હોવાથી વિદ્યાર્થીઓ હાજર ન હોય કોઈ કામગીરી થતી નથી. જેથી સંસ્થા સામે વિરુધ્ધનુ અનુમાન કરી શકાય નહી.

વધુમાં એવી દલીલ કરેલ છે કે, બીજા પક્ષકારે છુટા કર્યાની જણાવેલ તારીખ બાદ સાત વર્ષ પછી રેફરન્સની કાર્યવાહી કરેલ છે અને રેફરન્સ કર્યા બાદ ૩ વર્ષ પછી માગણાનુ નિવેદન રજુ કરેલ છે તે નિવેદનમાં વિલંબ અંગે જણાવેલ ખુલાસો કાયદામાં ટકી શકે તેવો નથી. જેથી સમયમર્યાદાના બાધના કારણે રેફરન્સ રદ થવા પાત્ર છે. છુટા કર્યા તારીખના ૧૦ વર્ષ બાદ બીજા પક્ષકારે માગણાનુ નિવેદન રજુ કરેલ છે આટલા વર્ષો સુધી તેઓ બેકાર બેસી રહેલા હોય તે માની શકાય તેમ નથી. બીજા પક્ષકારે તેમની જુબાનીમાં હાલમાં તેમની ઉંમર ૬૩ વર્ષની હોવાનુ કબુલ કરેલ છે જેથી તેઓ નિવૃતિવયની ઉંમરની વ્યકિત હોય નોકરીમાં પુનઃસ્થાપન કરવાનો પ્રશ્ન રહેતો નથી જેથી બેકવેજીસ મેળવવા માટે હકદાર બનતા નથી. સંસ્થાએ તેમના જવાબની હકીકત સાબીત કરવા આંક-૧૩ થી માધુભાઈ ધુરીચાભાઈ ચૌધરીને તપાસી અને આંક-૧૮ તથા આંક-૨૨ ના લીસ્ટથી દસ્તાવેજી પુરાવા રજુ કરી આંક-૮ ના જવાબની હકીકત સાબીત કરેલ છે. રેકર્ડ પર રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા પરથી બીજા પક્ષકાર સંસ્થાના કાયમી કામદાર હોવાની અને વર્ષમાં ૨૪૦ દિવસ કામ કરેલ હોવાની અને તા.૧-૧-૨૦૦૦ ના રોજ ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરેલ હોવાની હકીકત સાબીત થતી ન હોય રેફરન્સ ખર્ચસહીત રદ કરવા જણાવેલ છે. તેઓએ તેમની દલીલના સમર્થનમાં નામદાર સુપ્રીમકોર્ટ તથા જુદી જુદી વડી અદાલતોના વિવિધ ચુકાદાઓ રજુ કરેલ છે.

(૬) પક્ષકારોએ રેકર્ડ પર રજુ કરેલા પક્ષ નિવેદન, મૌખિક તથા દસ્તાવેજી પુરાવા અને રજુઆતો ધ્યાને લેતાં આ રેફરન્સના ન્યાયનિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

-: મુદ્દાઓ :-

(૧) શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે, પ્રથમ પક્ષકાર સંસ્થાનો ઔદ્યોગિક વ્યાખ્યામાં સમાવેશ થાય છે અને તેને ઔદ્યોગિક વિવાદ ધારાની જોગવાઈ લાગુ પડે છે?

(૨) શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે, તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થાના કામદાર હતા અને તેમની વચ્ચે કામદાર માલીકના સંબંધો હતા?

(૩) શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે, પ્રથમ પક્ષકારે તેઓને તા.૧–૧–૨૦૦૦ના રોજ મૌખિક હુકમથી નોટીસ, નોટીસપગાર કે છટણી વળતર આપ્યા વગર ગેરકાયદેસર રીતે છુટા કરેલ છે?

(૪) શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે, તેઓ નોકરીમાંથી છુટા કર્યા ત્યારથી સંસ્થામાં પડેલા દિવસોના પગાર તથા આનુસાંગિક લાભો સાથે નોકરીમાં પુન:સ્થાપિત થવા હકદાર છે?

(૫) શું હુકમ?

ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ નીચે મુજબ છે.

(૧) હકારમાં

(૨) હકારમાં

(૩) હકારમાં

(૪) અંશત: હકારમાં

(૫) આખરી હુકમ મુજબ

–: કારણો :–

મુદ્દા નં.૧:–

(૭) બીજા પક્ષકારે આંક–૭ ના માગણાના નિવેદનની હકીકત સાબીત કરવા માટે આંક–૧૧ થી જુબાનીની એફીડેવીટ રજુ કરેલ જેમાં આંક–૭ ના માગણાના નિવેદનમાં જણાવ્યા પ્રમાણેની હકીકત જણાવી અને પ્રથમ પક્ષકારે આંક–૮ થી રજુ કરેલ લેખીત જવાબમાં જણાવેલ હકીકતો ખોટી હોવાનુ જણાવેલ છે. પ્રથમ પક્ષકારના વિ.વકીલશ્રીએ કરેલ ઉલટતપાસમાં બીજા પક્ષકારે કબુલ કરેલ છે કે, '' હાલમાં મારી ૬૩ વર્ષની ઉંમર છે. મે આ કેસ સ્વરાજ આશ્રમ સામે કરેલ છે. હુ કોઠારમાં કામ કરતી હતી તેથી સીઝનનુ અનાજ આવે ત્યારે મારા કામ મુજબનુ હોય સાહેદે જણાવેલ કે છોકરાઓ રહેતા હોય અનાજની રોજ જરુરીયાત રહેતી હતી. મને રોજના રુા.૧૫/– પ્રમાણે પૈસા ચુકવતા હતા સંસ્થામાં છોકરાઓને ભણાવાની

પ્રવૃતિ થાય છે અને ૫૦૦ છોકરા અભ્યાસ કરતા હતા. સંસ્થાએ મને હેરાન કે કનડગત કરેલ નથી. મે સંસ્થામાં છેલ્લે ૧–૧–૨૦૦૦ ના રોજ કાઢી મુકેલ ત્યાં સુધી કામ કરેલ છે. હુ સંસ્થામાં પરચુરણ કામગીરી કરતી હતી. આ કેસ કરવા માટે યુનીયન પાસે ૨૦૦૭ ના વર્ષમાં ગયેલા. મે ૩૬૫ દિવસ કામ કરેલ તે બતાવવા મારી પાસે કોઈ પુરાવો નથી. કે કોઈપણ જગ્યાએ કામ મેળવવા અરજી કરેલ નથી. હુ એકલી રહુ છુ. મારા કુટુંબમાં બીજુ કોઈ નથી. હુ મારુ ગુજરાન મારી જાતે ચલાવુ છુ. '' તેમ કબુલ કરેલ છે.

(૭.૧) પ્રથમ પક્ષકારે આંક–૮ ના લેખીત જવાબના સમર્થનમાં સંસ્થાના ટ્રસ્ટી માધુભાઈ ધુરીયાભાઈ ચૌધરીની આંક–૧૩ થી જુબાનીની એફી. રજુ કરેલ છે જેમાં આંક–૮ ના લેખીત જવાબમાં જણાવ્યા પ્રમાણેની હકીકત જણાવી છે. પ્રથમ પક્ષકારની બીજા પક્ષકારના પ્રતિનિધિશ્રીએ કરેલ ઉલટતપાસમાં સ્પષ્ટ કબુલ કરેલ છે કે, '' મારી હાલમાં ઉંમર ૭૭ વર્ષ છે. પ્ર.પ. સંસ્થામાં હુ વ્યવસ્થાપક ટ્રસ્ટી તરીકે ફરજ બજાવુ છુ. ૧૯૬૫ માં સ્વરાજ આશ્રમ સંસ્થામાં શિક્ષક તરીકે નોકરીમાં જોડાયેલો અને ૧૯૯૪ સુધી નોકરી કરેલી ત્યારબાદ ૧૯૯૮ સુધી આચાર્ય તરીકે ફરજ બજાવેલી અને સને ૨૦૦૦ના વર્ષથી હુ વ્યવસ્થાપક ટ્રસ્ટી તરીકે ફરજ બજાવતો હતો. શિક્ષક અને આચાર્ય તરીકે ફરજ બજાવતો હતો ત્યારે સંસ્થાનો કોઈ વહીવટ કરવાનો ન હતો. હુ વ્યવસ્થાપક તરીકે જોડાયો તે પહેલા સંસ્થામાં કોણ કોણ કામ કરતા હતા તેની મને ચોકકસ ખબર નથી. પ્ર.પ. સંસ્થામાંથી મને માનદવેતન મળતુ નથી. સંસ્થા ૧૦૦% ગ્રાન્ટેબલ છે. પ્ર.પ. સંસ્થામાં માધ્યમીક અને ઉચ્ચતર માધ્યમીકમાં ૧૦, પીટીસીમાં ૨, છાત્રાલયમાં ૭, કર્મચારીઓ ગ્રાન્ટેડ છે આ સિવાય નોન ગ્રાન્ટેડ એક કર્મચારી છે. સંસ્થા ચેરીટેબલ ટ્રસ્ટ હોઈ નોંધાયેલ છે. સંસ્થાનો ઉદ્દેશ શૈક્ષણિક સંસ્થા ચલાવવાનો છે. ગાયનુ દુધ છાત્રાલયમાં વેચાણ કરવામાં આવે છે. સંસ્થામાં ઉત્પાદન થતી શેરડી સુગર ફેકટરીમાં આપીએ છીએ અને તેની આવક ટ્રસ્ટમાં જમા થાય છે. સંસ્થાના દરેક વિભાગના થઈને આવક જાવકના વાર્ષિક હીસાબ રાખવામાં આવે છે. બીજા પક્ષકારને અમે પગાર આપતા ન હતા કારણ કે તેઓ રોજીંદા કામદાર હતા. જે વિભાગમાં રોજીંદા કામદારો રાખ્યા હોય તે વિભાગના હિસાબમાં તેના મહેનતાણાની રકમ ઉધારવામાં આવે છે. બીજા પક્ષકારનુ કયા વિભાગમાં તેનુ રોજીંદુ મહેનતાણુ ઉધારેલ તે હાલ મને ખબર નથી. રોજીંદા કામદારને મહેનતાણુ

ચુકવે ત્યારે તેની વાઉચરમાં સહી લેવામાં આવતી હતી. સંસ્થાના ૧૯૯૭ થી ૨૦૦૦ ના વર્ષના વાઉચરના પુરાવા મળી આવશે તો હુ રજુ કરીશ. સંસ્થાના હિસાબોના દર વર્ષે ઓડીટ કરવામાં આવે છે અને તેની જાણ ચેરીટી કમીશનરને કરીએ છીએ. રેફરન્સ નં.૫૮/૦૭ ના કામે રજુ કરેલ નિ.૨૪/૧ થી ૨૪/૩ વાળી પાવતીની નકલ બતાવતા તે સંસ્થાએ આપેલ પાવતી છે તેમાં સંસ્થાના જે તે વિભાગના સહીસિકકા છે. આ પાવતીમાં લીધેલી ફી સરકારશ્રીમાં જમા કરાવવાની છે તેવો કોઈ ઉલ્લેખ કરેલ નથી. સેકન્ડરી અને હાયર સેકન્ડરી બંને વિભાગમાં આ પાવતીઓ મુજબ વિદ્યાર્થીઓ પાસેથી ફી લેવામાં આવે છે. સાહેદે જણાવેલ કે આ પાવતીઓ મુજબ લીધેલી ફી સંસ્થા બેંકમાં જમા કરાવે છે. આ ફીની રકમ સંસ્થાની આવકમાં બતાવવામાં આવે છે અને બેંકમાં ભરીએ ત્યારે તે રકમ જાવકમાં બતાવવામાં આવે છે. આ કામદારો સિવાય બીજા કામદારોએ સંસ્થા વિરુધ્ધ કોઈ કોર્ટમાં કેસ કરેલ નથી. બીજા પક્ષકારને અમે જે વિભાગમાં કામગીરી કરવાનુ કહીએ તે વિભાગમાં તેને કામગીરી કરવાની હતી. ગાયોની સારસંભાળ રોજેરોજ રાખવાની હતી. સંસ્થામાં વિદ્યાર્થીઓએ ગૌશાળા તથા અન્ય વિભાગની સાફસફાઈ કરવાની થતી હતી તે અંગે સંસ્થા દ્વારા કોઈ નિયમો ઘડવામાં આવેલા નહી. બીજા પક્ષકારને ૩૦ વર્ષથી અમે કામ પર બોલાવતા હતા કે કેમ તેની મને ખબર નથી સાહેદે જણાવેલ કે જયારે સંસ્થામાં કામની જરુર પડે ત્યારે તેઓને રોજીંદા કામદાર તરીકે બોલાવતા હતા. રોજીંદા કામદારોનુ સંસ્થામાં હાજરીપત્રક અને પગારપત્રક રાખવામાં આવતા હતા સાહેદે જણાવેલ કે તે રેકર્ડ ઘણા વર્ષ જુનુ હોય નાશ પામેલ છે. સંસ્થામાં કોઈને નોકરીમાં રાખવાનો અને નોકરીમાંથી છુટા કરવા માટે ઠરાવ કરવામાં આવતો હતો. સંસ્થાનુ ટ્રેકટર વેચી દીધાનો કોઈ પુરાવો રજુ કરેલ નથી. બીજા પક્ષકારને અમે હાજરીકાર્ડ, પગારચીઠ્ઠી કે ઓળખપત્ર આપતા ન હતા કારણ કે તેઓ અમારા કાયમી કામદાર ન હતા. સંસ્થામાં ખેતીની જમીનમાંથી ઉત્પાદન થતી વસ્તુ પૈકી ઉપયોગમાં ન લઈ શકાય તેવી વસ્તુનુ વેચાણ કરી આશ્રમશાળાના શુભ કાર્યમાં વાપરવામાં આવતી હતી. બીજા પક્ષકાર અમારા ત્યાં વર્ષોવર્ષથી કામચલાઉ રોજીંદા તરીકે કામ કરે છે. સંસ્થામાં અત્યારે જરુર ન હોય બીજા પક્ષકારને અમે કામ પર લઈ જવા તૈયાર નથી. અમારા આશ્રમમાં કામ કરતા કર્મચારીઓની નિવૃતિવય સરકારના

ધારાધોરણ મુજબ ૫૮ વર્ષની છે. બીજા પક્ષકારની નિવૃતિના અમારે ત્યાં કોઈ માપદંડો નથી. રોજીંદા કામદારોને સંસ્થા કોઈ કાયદા મુજબના લાભો આપતી નથી.''તેમ કબુલ કરેલ છે.

(૮) બીજા પક્ષકારે તેમના આંક-૭ ના માંગણાના નિવેદન તથા આંક-૧૧ ની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવ્યા મુજબ પ્રથમ પક્ષકાર સંસ્થામાં તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં ૩૦ વર્ષથી અનાજ કોઠાર વિભાગમાં અનાજ સાફ કરવાનુ તથા અનાજ જાળવણી તથા ખેતીકામના હોદ્દા પર કામ કરતા હતા અને વર્ષમાં ૩૫૦ દિવસ ફરજ બજાવેલ છે. સંસ્થાની શૈક્ષણીક વેપાર, ખેતીવાડીની પેદાશોની વેચાણ, ગૌશાળા, અનાજ, ગાયોની ખરીદી અને તેના દુધનુ વેચાણ કરી, તથા ખેતીની જમીનમાં વર્ષ દરમ્યાન અનેક પ્રકારના સીઝન પ્રમાણે પાકો લઈ તેનુ વેચાણ કરી નફો કરતી સંસ્થા હોય તેને ઔધોગિક વિવાદ ધારો કાયદેસર રીતે લાગુ પડે છે તેમ જણાવેલ છે. જયારે પ્રથમ પક્ષકારે તેમના આંક-૮ ના લેખીત જવાબમાં પ્રથમ પક્ષકાર નફો કરતી સંસ્થા નથી પરંતુ શૈક્ષણીક પ્રવૃતિ ચલાવતી સેવાકીય સંસ્થા છે અને સરકારી ગ્રાંટ પર નભે છે તેમજ ચેરીટેબલ ટ્રસ્ટ નીચે નોંધાયેલ ટ્રસ્ટ છે અને તેમાં નફાકીય કોઈ પ્રવૃતિ થતી ન હોય તેને આઈડીએકટ લાગુ પડતો નથી તેવી તકરાર લીધેલ છે જેથી મુદ્દા નં.૧ નુ નિર્માણ કરેલ છે જે મુદ્દાની હકીકત સાબીત કરવાની જવાબદારી બીજા પક્ષકારની છે. આ સંજોગોમાં પ્રથમ પક્ષકાર સંસ્થાનો ઔધોગિક વિવાદ અધિનિયમની કલમ ૨(જે) પ્રમાણે ઔધોગિક વ્યાખ્યામાં તેનો સમાવેશ થાય છે કે કેમ અને તેને ઔધોગિક વિવાદ ધારાની જોગવાઈ લાગુ પડે છે કે કેમ તે અંગેની કાયદાનો અગત્યનો પ્રશ્ન સંકળાયેલ હોય તેનો નિર્ણય કરવો જરુરી રહે છે. ઔધોગિક વિવાદ ધારામાં કલમ ૨(જે)માં ઉધોગની વ્યાખ્યા નીચે મુજબ આપેલ છે.

<u>કલમ-૨ (જે) ઉધોગની વ્યાખ્યા</u>

''ઉધોગ'' એટલે માલીકનો કોઈ ધંધો, હુન્નર, સાહસ, માલ બનાવવાનું કારખાનુ અથવા આજીવિકા અને તેમાં કામદારોની કોઈપણ આજીવિકા, સેવા, રોજગાર, હસ્તઉધોગ અથવા ઔધોગિક કામધંધા અથવા વ્યવસાયનો સમાવેશ થાય છે.

સામાન્ય : ''ઉદ્યોગ'' ની વ્યાખ્યા ત્રણ ભાગમાં વહેંચાયેલી છે. એટલે કે, પ્રથમ મુખ્ય ભાગ, સમાવિષ્ટ ભાગ અને બાકાત રાખતો ભાગ.

કોઈપણ પ્રવૃત્તિને ''ઉદ્યોગ'' ની વ્યાખ્યામાં આવરી લેવા માટે પ્રથમ તો તે ખાનગી સાહસ હોવું જરુરી નથી, અથવા નફો અથવા લાભ કરતી હોવી જોઈએ તેવું પણ જરુરી નથી. માત્ર તે પ્રવૃત્તિ ''વેપાર'' અને ''ધંધા'' ના જેવી હોવી જોઈએ.

બીજા પક્ષકારે તેમની દલીલના સમર્થનમાં રજુ કરેલ **1996 (3) LLN 563 (BOM.C.) પ્રેસીડન્ટ અંધ મહીલા આશ્રમ વિ. જે.જી.અજગાંવકર**ના ચુકાદામાં નામદાર બોમ્બે હાઈકોર્ટે બેંગલોર વોટર સપ્લાય એન્ડ સેવરેજ બોર્ડના નામદાર સુપ્રીમ કોર્ટના માર્ગદર્શક સિધ્ધાંતો મુજબ અવલોકન કરેલ કે, The Supreme Court pointed out that charitable institution would broadly fall into one of the following three categories;

(i) Where the enterprise like any other yields profits but they are siphoned off for ailtruistic objects.

(ii) Whether the institution makes no profit but hires the services of employees as in other like businesses but the goods and services, which are the output, are made available, at low or no cost, to the indigent needy who are priced out of the market.

(iii) Where are establishment is oriented on a humane mission fulfilled by man who work, not because they are paid wages, but because they share the passion for the cause and devire job satisfaction from their contribution.

The Supreme Court held that the first two are "industry", while the third is not.

આ માર્ગદર્શક સિધ્ધાંત અન્વયે અંધ મહીલા આશ્રમને કલમ ૨(જે) મુજબ ઉદ્યોગ ગણવાનુ ઠરાવેલ છે.

1978 (0) GLHEL-SC 31272 (S.C). સ્વરાજ આશ્રમ કાનપુર વિ. ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ ઉત્તરપ્રદેશ, કાનપુરના ચુકાદામાં નામદાર સુપ્રીમકોર્ટે સ્વરાજ આશ્રમ એ કલમ–૨ (જે) મુજબ ઉદ્યોગ છે અને ટ્રીબ્યુનલને સ્વરાજ આશ્રમનો વિવાદ એડજયુડીકેટ કરવાની સત્તા હોવાનુ ઠરાવેલ છે.

અત્રેની અદાલતના ધ્યાન પર આવેલ **C.A.NO.753/754(T) 1975 (S.C.) બેંગલોર વોટર સપ્લાય એન્ડ સેવરેજ બોર્ડ વિ. એ. રાજપ્પા અને બીજાઓ**ના ચુકાદામાં નામદાર સુપ્રીમકોર્ટે કોઈપણ સંસ્થાનો ઉદ્યોગની વ્યાખ્યામાં સમાવેશ થાય છે કે કેમ તે અંગે ત્રણ તત્વો (માર્ગદર્શક સિધ્ધાંત) અસ્તિત્વમાં હોવા જરૂરી હોવાનુ જણાવેલ છે અને નામદાર સુપ્રીમકોર્ટે આ ચુકાદામાં કોઈપણ સંસ્થાનો ઔધ્યોગિક વિવાદ ધારા હેઠળ ઉદ્યોગમાં સમાવેશ થાય છે કે કેમ? તેનો નિર્ણય કરવા જે તે સંસ્થાની કામગીરી તથા કામદાર ધ્વારા બજાવવામાં આવતી ફરજો જોવાની રહે છે. તે મુજબ માત્ર આધ્યાત્મિક અથવા ધાર્મિક પ્રકારની જરુરીયાતો ઈચ્છાઓ ન હોય તેવા મનુષ્યોની જરુરીયાતો ઈચ્છા અને માંગ સંતોષવા માલ અથવા સેવાનું ઉત્પાદન, પુરવઠો અથવા વિતરણ માટે (માલીક ધ્વારા સીધી રીતે અથવા કોન્ટ્રાકટ સહીત કોઈપણ એજન્સી મારફતે કામદારને કામે રાખ્યા હોય) તેવા માલીકો અને તેવા કામદારો વચ્ચે સહકાર ધ્વારા ચલાવવાની પધ્ધતિસરની પ્રવૃતિ, પછી તે ઉદ્યોગ ચલાવવા માટે કોઈ કરાર કરવામાં આવ્યા હોય કે ન હોય અથવા તેનો હેતુ નફો કરવાનો હોય કે ન હોય તો પણ તેનો ઉદ્યોગની વ્યાખ્યામાં સમાવેશ થાય તેમ ઠરાવેલ છે.

આમ, કોઈપણ સંસ્થાનો ઉદ્યોગની વ્યાખ્યામાં સમાવેશ થાય છે કે કેમ, તે નકકી કરવા માટે જે ૩ જરુરી તત્વો છે (૧) સુવ્યવસ્થિત પધ્ધતિસરની પ્રવૃતિ (૨) માલીક અને કામદાર વચ્ચે સહકાર અને (૩) આધ્યાત્મિક અને ધાર્મિક સિવાયની માનવ જરુરીયાતો અને ઈચ્છા સંતોષવા માટે ચીજવસ્તુ અથવા સેવાનું ઉત્પાદન અથવા વિતરણ. જો કોઈપણ કેસમાં ઉપરોકત ત્રણ જરુરીયાતો સંતોષાતી હોય અને તે સંસ્થામાં કોઈ કરાર કરવામાં આવેલ હોય કે ન હોય અથવા તે સંસ્થાનો હેતુ નફો કરવાનો હોય કે ન હોય તો પણ તેનો ઉદ્યોગની વ્યાખ્યામાં સમાવેશ થાય છે તેના માર્ગદર્શક સિધ્ધાંતો નકકી કરેલ છે.

પ્રથમ પક્ષકારે રજુ કરેલ 1963 (II) LLJ 335 (S.C.) યુનીવર્સીટી ઓફ દિલ્હી અને બીજાઓ વિ. રામનાથ અને બીજાઓ તથા 1969 (I) LLJ 493 (MAD.H.C.) પપ્પામલ અનાચેતરામ વિ. લેબર કોર્ટ, મદુરાઈ અને બીજાઓ તથા 1955 (II) LLJ 361 (ASSM.H.C.) આસામ રાષ્ટ્ર બશા પ્રચાર સમીતી વિ. વર્કમેન અને બીજાઓ તથા 1982 LAB I.C. 338 (GUJ.H.C.) રાજ રત્ન શેઠ વિ. અશોક ભાસીન અને બીજાઓ તથા 1996 LawSuit

(Mad) 374 (MAD.H.C.) મેનેજમેન્ટ ઓફ કે.આર.એમ.એસ્ટેટ થન્જાવુર વિ. ફર્સ્ટ એડીશ્નલ લેબર કોર્ટ, મદ્રાસ તથા 2015 (146) FLR 385 (P.&H.H.C.) પ્રેમચંદ વિ. પ્રિસાઈડીંગ ઓફીસર અને બીજાઓના ચુકાદાઓ માનસહ વંચાણે લીધા તેમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત સાથે આ અદાલત સહમત છે. પરંતુ હાલના કેસમાં પ્રથમ પક્ષકાર સંસ્થા ટ્રસ્ટ હેઠળ નોંધાયેલ છે અને તેમાં શૈક્ષણીક પ્રવૃતિઓ ઉપરાંત ખેતીની જમીનમાં ખેતીકામ, ગૌશાળા, ગાયોની માવજત, અનાજ કોઠાર, માર્ગ મકાનના બાંધકામ રીપેરીંગ, રસ્તા રીપેરીંગ વિગેરે કામમાં બીજા પક્ષકાર જેવા રોજીંદા કામદારોને રોકી કામ કરાવી ખેતપેદાશ તથા દુધનુ ઉત્પાદન કરી તેના વેચાણની આવક ટ્રસ્ટમાં લઈ તે આવકમાંથી રોજીંદા કામદારોને મહેનતાણુ ચુકવવામાં આવતુ હોય તે સંજોગોમાં આ ચુકાદાઓના કેસની હકીકત હાલના કેસની હકીકત અને સંજોગોથી ભિન્ન હોય આ ચુકાદાઓ પ્રથમ પક્ષકારને મદદરુપ થતા નથી તેમ આ અદાલતનુ નમ્રપણે માનવુ છે.

બીજા પક્ષકારે રજુ કરેલ તથા બેંગલોર વોટર સપ્લાય એન્ડ સેવરેજ બોર્ડના ચુકાદાના સિધ્ધાંતોના આધારે હાલના કેસમાં જોઈએ તો બીજા પક્ષકારે તેમના માગણાના નિવેદન તથા જુબાનીમાં તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં ૩૦ વર્ષથી અનાજ કોઠાર વિભાગમાં અનાજ સાફ કરવાનુ તથા અનાજ જાળવણી તથા ખેતીકામના હોદ્દા પર કામ કરતા હતા અને વર્ષમાં ૩૫૦ દિવસ ફરજ બજાવેલ છે અને નોકરીની શરુઆતથી અંત સુધી સળંગ નોકરી કરતા હતા. તેમની નોકરીની ફરજ સંસ્થા કહે ત્યાં ખેતી, ગૌશાળા, શૈક્ષણીક સંસ્થાઓ, અનાજ કોઠાર ગોડાઉન, માર્ગ મકાનના બાંધકામ રીપેરીગ, રસ્તા રીપેરીંગ, ગટર વિગેરેના કામમાં પ્રથમ પક્ષકાર કહે ત્યાં ફરજ બજાવવાની હતી અને દૈનિક રુા.૧૫/– પ્રમાણે ૧૫ દિવસે હાજરી મુજબ વાઉચર પર ટીકીટ લગાડી પગાર ચુકવતા હતા. પ્રથમ પક્ષકાર સંસ્થાની ૭૦ એકર ખેતીની જમીન છે સંસ્થાની શૈક્ષણીક વેપાર, ખેતીવાડીની પેદાશોની વેચાણ, ગૌશાળા, અનાજ, ગાયોની ખરીદી અને તેના દુધનુ વેચાણ કરી, તથા ખેતીની જમીનમાં વર્ષ દરમ્યાન અનેક પ્રકારના સીઝન પ્રમાણે પાકો લઈ તેનુ વેચાણ કરી નફો કરતી સંસ્થા આવેલ હોવાનુ જણાવેલ છે જયારે પ્રથમ પક્ષકારે તેમના લેખીત જવાબ તથા જુબાનીમાં પ્રથમ પક્ષકાર નફો કરતી સંસ્થા નથી પરંતુ શૈક્ષણીક પ્રવૃતિ ચલાવતી સેવાકીય સંસ્થા છે અને સરકારી ગ્રાંટ પર નભે છે તેમજ ચેરીટેબલ

ટ્રસ્ટ નીચે નોંધાયેલ ટ્રસ્ટ છે અને તેમાં બાળકોને રહેવાની, જમવાની તથા શિક્ષણ આપવાની પ્રવૃતિ થાય છે. પ્રથમ પક્ષકાર સંસ્થા સરકારી અનુદાન ઉપર નભતી સંસ્થા હોય અને તેમાં નફાકીય કોઈ પ્રવૃતિ થતી નહી હોવાનુ જણાવેલ છે. હકીકતમાં બીજા પક્ષકારના જણાવ્યા પ્રમાણે તેઓ ખેતમજુરીનુ તથા પ્રથમ પક્ષકાર સંસ્થા જયા કહે ત્યાં તે મુજબનુ કામ કરતા હોવાનુ જણાવેલ છે. પ્રથમ પક્ષકારે તેમના લેખીત જવાબ તથા જુબાનીમાં સંસ્થા પાસે ૪૫ વીંઘા ખેતીની જમીન છે, ૧૦ વીંઘા જમીન પર આશ્રમનુ બાંધકામ તથા ૫ વીંઘા જમીનમાં ગૌશાળાનુ ગૌચર અને ૨૦ વીંઘા જમીન વિદ્યાર્થીઓ માટે પ્રેકટીકલ પ્લોટ માટે ફાળવેલ હોવાનુ જણાવેલ છે. પ્રથમ પક્ષકારે તેમની ઉલટતપાસમાં પણ સ્પષ્ટપણે કબુલ કરેલ છે કે ''સંસ્થામાં ઉત્પાદન થતી શેરડી સુગર ફેકટરીમાં આપીએ છીએ અને તેની આવક ટ્રસ્ટમાં જમા થાય છે. બીજા પક્ષકારને જે વિભાગમાં કામગીરી કરવાનુ કહીએ તે વિભાગમાં કામગીરી કરવાની હતી, ગાયોની સારસંભાળ રોજેરોજ રાખવાની હતી સંસ્થામાં ગૌશાળા તથા અન્ય વિભાગની સાફસફાઈ કરવાની થતી હતી સંસ્થામાં ખેતીની જમીનમાંથી ઉત્પાદન થતી વસ્તુ પૈકી ઉપયોગમાં લઈ ન શકાય તેવી વસ્તુનુ વેચાણ કરી આશ્રમશાળાના શુભકાર્યમાં વાપરવામાં આવતી હતી. ગૌશાળા, ખેતીકામમાં જે મજુરો કામ કરતા હોય તેને તે વિભાગમાંથી મહેનતાણુ ચુકવવામાં આવે અને તેની રકમ જે તે વિભાગના ખર્ચમાં ઉધારવામાં આવે છે.''તેમ કબુલ કરેલ છે. બીજા પક્ષકારે રેફરન્સ નં.૫૮/૦૭ના કામે નિ.૨૪/૧ થી ૨૪/૩ સુધી ફી ની પાવતીની નકલ રજુ કરેલ છે અને તેની હકીકત પ્રથમ પક્ષકારે તેમની ઉલટતપાસમાં સેકન્ડરી અને હાયર સેકન્ડરી બંને વિભાગમાં આ પાવતી મુજબ વિદ્યાર્થીઓ પાસેથી ફી લેવામાં આવે છે અને તે લીધેલ ફી સંસ્થા બેંકમાં જમા કરાવે છે અને ફી ની રકમ સંસ્થાની આવકમાં બતાવવામાં આવે છે. તેમ કબુલ કરેલ છે. રેફરન્સ નં.૫૮/૦૭ના કામે નિ.૨૪/૧ થી ૨૪/૩ ના પુરાવાને હાલના કામે પુરાવા તરીકે ગણવા આંક-૨૧ થી પુરસીશ આપેલ છે. આમ, રેફરન્સ નં.૫૮/૦૭ના કામે રજુ નિ.૨૪/૧ થી ૨૪/૩ની પાવતી મુજબ વિદ્યાર્થીઓ પાસેથી સંસ્થા ફી ઉઘરાવે છે અને સંસ્થાની આવકમાં જમા કરવામાં આવે છે એ રીતે આ આવકને પ્રથમ પક્ષકારે રજુ કરેલ નિ.૨૨/૧ થી નિ.૨૨/૩ સુધીના આવકજાવકના હિસાબોમાં દર્શાવવામાં આવેલ છે. વળી પ્રથમ પક્ષકારે રજુ કરેલા નિ.૨૨/૧ થી ૨૨/૩ સુધીના સને ૧૯૯૭-૯

૮ થી ૧૯૯૯–૨૦૦૦ ના આવકજાવકના હિસાબો અંગે પ્રથમ પક્ષકારની જુબાનીમાં એવી હકીકત ખુલેલ કે, ''સંસ્થામાં શ્રી અધ્યાપન મંદિર વેડછી આવેલ છે. શ્રી ઉત્તર બુનીયાદી વિદ્યાલય વેડછી, શ્રી ચુનીભાઈ મહેતા બાલવાડી વેડછી, શ્રી કુમાર છાત્રાલય વેડછી, શ્રી ગ્રામશાળા વેડછી, શ્રી આશ્રમ કાર્યાલય વેડછી, શ્રી આશ્રમ ખેતીવિભાગ વેડછી, શ્રી ગૌશાળા વેડછી નામની સંચાલીત સંસ્થાઓ આવેલી છે. આ સંચાલીત સંસ્થાઓને સરકારશ્રીમાંથી મદદ મળે છે. તેમાં અન્ય ફીની આવક, લોકફાળાની આવક અને આશ્રમ ખેતીવિભાગની આવક દર્શાવેલ છે. આ હિસાબમાં ડાબી બાજુ આવક અને જમણી બાજુ સંચાલીત સંસ્થાઓને થયેલ ખર્ચનો હિસાબ છે. તેમાં બેંક વટાવ વ્યાજના રુા.૨,૫૪,૨૩૪.૫૫ પૈસા દર્શાવેલા છે. સને ૧૯૯૭–૯૮ના વર્ષની વાર્ષિક આવક રુા.૪૫,૩૨,૭૭૨/– હતી. શ્રી આશ્રમ પ્રવૃતિ રોકાણમાં રુા.૩,૭૨,૧૬૫/– દર્શાવેલા છે. નિ.૨૨/૧/૫ માં જણાવ્યા પ્રમાણે સંસ્થાનુ બેંકમાં બેલેન્સ રુા.૨૦,૭૮,૪૬૭/– બતાવેલ છે. નિ.૨૨/૨/૧ માં કાર્યકર્તા વેતનખર્ચ દર્શાવેલ છે તે કાર્યકર્તા કાર્યાલયમાં કામ કરતા કર્મચારી ગણાય છે. ગૌશાળા, ખેતીકામમાં જે મજુરો કામ કરતા હોય તેને તેમાંથી મહેનતાણુ ચુકવવામાં આવે તેની રકમ જે તે વિભાગના ખર્ચમાં ઉધારવામાં આવે છે. નિ.૨૨/૩ થી રજુ કરેલ સને ૧૯૯૯–૨૦૦૦ના વર્ષની આવકજાવકના હિસાબો નકલો પૈકી નિ.૨૨/૩/૨ માં શ્રી કૃષિ ગોપાલન વિદ્યા (ગૌશાળા) ની આવક રુા.૧,૩૩,૬૫૧/– દર્શાવેલ છે. જેની સામે ખર્ચ રુા.૧,૯૭,૩૧૧/– દર્શાવેલ છે. આ ઘટની રકમ ખેતીની આવકમાંથી વાપરવામાં આવે છે. ગૌશાળા અને ખેતીના કામમાં જે કામદારો કામ કરે છે તેના મહેનતાણાની રકમ આ આવકમાંથી ચુકવવામાં આવે છે. નિ.૨૨/૩/૫ માં જણાવ્યા મુજબ સંસ્થાની બેંકમાં મીલકત રુા.૫૩,૮૪,૫૫૫.૮૮ પૈસા હતી. આ રકમ સ્વરાજ આશ્રમ સંસ્થાના તમામ વિભાગની છે. નિ.૨૨/૩/૫ માં પુસ્તક વેચાણ બચત, શ્રી બળતણ વેચાણ બચત, આશ્રમફાળા આવક અને ગાય ખરીદ અંકિતની આવક દર્શાવેલ છે. તેમાં જણાવ્યા પ્રમાણે દરેક વિભાગની થઈને રુા.૫૩,૮૪,૫૫૫.૮૮ પૈસા આવક થઈ હતી. આ આવકમાંથી જે તે સંચાલીત સંસ્થામાં કામ કરતા કર્મચારી અને કામદારોને મહેનતાણાની રકમ ચુકવવામાં આવતી હતી'' તેવી હકીકત રેકર્ડ પર ખુલેલ છે.

આમ, બીજા પક્ષકારની જુબાની તથા પ્રથમ પક્ષકારના લેખીત જવાબ અને જુબાની તથા સંસ્થાએ રજુ કરેલ આંક–રર ના લીસ્ટના આવક જાવકના હિસાબોના દસ્તાવેજી પુરાવા મુજબ પ્રથમ પક્ષકાર સંસ્થા ચેરીટેબલ નોંધાયેલ ટ્રસ્ટ છે અને તેમાં શૈક્ષણીક પ્રવૃતિ એકલી થતી નથી પરંતુ સંસ્થા પાસે જમીન ગૌશાળા તથા આશ્રમના મકાનો આવેલા છે અને સંસ્થામાં બીજા પક્ષકાર જેવા રોજમદાર કામદારોને રોકી ખેતીકામ, ગાયોની દેખરેખ, મકાન રીપેરીંગ, સાફસફાઈ વિગેરે કામ કરાવવામાં આવે છે અને ખેતી કરાવવામાં આવે છે તથા રેફરન્સ નં.પ૮/૦૭ના કામે રજુ નિ.ર૪/૧ થી ર૪/૩ મુજબ વિદ્યાર્થીઓ પાસેથી વસુલવામાં આવતી ફી સંસ્થાની આવકમાં જમા લેવામાં આવે છે અને ખેતીમાંથી ઉત્પન્ન થતી પેદાશનુ તથા ગાયના દુધનુ વેચાણ કરવામાં આવે છે અને તેની રકમ સંસ્થાની આવકમાં જમા કરવામાં આવે છે અને તે આવકમાથી સંસ્થામાં ઉપરોકત કામગીરી કરતા કામદારોને મહેનતાણાની રકમ ચુકવવામાં આવે છે અને તે રકમ જે તે વિભાગના ખર્ચમાં ઉધારવામાં આવે છે. તે સંજોગોમાં પ્રથમ પક્ષકાર સંસ્થામાં શૈક્ષણીક પ્રવૃતિ ઉપરાંત બીજા પક્ષકાર જેવા રોજમદાર કામદારો રોકી ઉપર મુજબની જે કામગીરી કરાવવામાં આવતી હતી તે કામગીરી અને તે કારણે ઉત્પન્ન થતી પેદાશ વેચાણ અને આવક ધ્યાને લેતાં નામદાર સુપ્રીમકોર્ટના બેંગલોર વોટર સપ્લાયના ચુકાદામાં જણાવ્યા પ્રમાણે ઉદ્યોગની વ્યાખ્યા અંગે નકકી કરેલા તત્વોનો તેમાં સમાવેશ થતો હોવાનુ જણાય છે. વળી બીજા પક્ષકારે રજુ કરેલ સ્વરાજ આશ્રમના નામદાર સુપ્રીમકોર્ટના ચુકાદા મુજબ સ્વરાજ આશ્રમનો ઉદ્યોગની વ્યાખ્યામાં સમાવેશ થતો હોવાનુ ઠરાવેલ છે. આ સંજોગોમાં પ્રથમ પક્ષકાર સંસ્થાનો ઉદ્યોગની વ્યાખ્યામાં સમાવેશ થાય છે કે કેમ, તેનો નિર્ણય કરવામાં નામદાર સુપ્રીમકોર્ટના બેંગ્લોર વોટર સપ્લાયના ચુકાદા મુજબ સ્પષ્ટ માર્ગદર્શન મળી શકે તેમ છે અને તે ચુકાદો ધ્યાને લેતાં પ્રથમ પક્ષકાર સંસ્થામાં બીજા પક્ષકારના માગણાના નિવેદન તથા જુબાનીની એફીડેવીટમાં જણાવ્યા મુજબ તથા ઉપર ચર્ચા કર્યા મુજબ શૈક્ષણીક પ્રવૃતિ સિવાય કરવામાં આવતી કામગીરીનો ઉદ્યોગની વ્યાખ્યામાં સમાવેશ થાય છે અને તેને ઔદ્યોગિક વિવાદ ધારો લાગુ પડે છે તેમ આ અદાલતનુ માનવુ છે એ રીતે **મુદ્દા નં.૧** નો નિર્ણય **હકાર**માં ઠરાવવામાં આવે છે.

<u>સમયમર્યાદા અને વિલંબ :–</u>

(૯) પ્રથમ પક્ષકારે તેમના લેખીત જવાબ તથા દલીલમાં બીજા પક્ષકારનો રેફરન્સ સમયમર્યાદા બહારનો છે અને વિલંબ અંગે કોઈ વ્યાજબી ખુલાસા કરેલ ન હોય રેફરન્સ રદ કરવાની તકરાર લીધેલ છે. જયારે બીજા પક્ષકારે એવી રજુઆત કરેલ કે આઈ.ડી.એકટમાં સમયમર્યાદાની કોઈ જોગવાઈ કાયદામાં ન હતી અને આ સમયમર્યાદા કામદાર નોકરીમાંથી છુટા કર્યા અંગે ડાયરેકટ લેબર કોર્ટ કે ટ્રીબ્યુનલ સમક્ષ ફરીયાદ કે અરજી કરે ત્યારે લાગુ પડે છે. હાલના કેસમાં બીજા પક્ષકારે તા.૨–૧–૦૭ ના રોજ મજુર કમીશનર સમક્ષ ફરીયાદ કરેલ અને તે કામે વિલંબ માફ કરવા અલગથી અરજી આપેલ છે. બીજા પક્ષકાર ગામડાના આદિવાસી જાતીના અભણ અને કાયદાના અજ્ઞાન હોવાથી અને તેઓને નોકરીમાં પાછા લઈ લેવા ખોટા આશ્વાસનો સંસ્થા ધ્વારા આપતા હોય જે તે સમયે રેફરન્સની કાર્યવાહી કરી શકેલ નહી પરંતુ પાછળથી સાચી સમજ મળતા સને ૨૦૦૭ માં હાલના રેફરન્સની કાર્યવાહી કરેલ છે. પક્ષકારો વચ્ચે ઔધોગિક વિવાદ અસ્તિત્વમાં હતો જેથી વિલંબ અંગે જણાવેલ ખુલાસા અને કારણો ધ્યાને લઈ વિલંબ દરગુજર કરવાની જરુર છે તેમ જણાવેલ છે.

રેકર્ડ ધ્યાને લેતાં બીજા પક્ષકારે માગણાના નિવેદનમાં તેઓને નોકરીમાંથી છુટા કર્યાની તા.૧–૧–૨૦૦૦ જણાવેલ છે અને તે અંગે નાયબ શ્રમ આયુકતની કચેરીમાં મદદનીશ મજુર કમીશનર સમક્ષ તા.૨–૧–૦૭ના રોજ લેખીત ફરીયાદ કરેલ છે. તેમાં તેઓને નોકરીમાંથી છુટા કર્યા તા.૧–૧–૨૦૦૦ જણાવેલ છે. તે કામે પક્ષકારો વચ્ચે સમાધાન ન થતાં તા.૨૭–૨–૦૭ ના રોજ આઈ.ડી.આર.નં.૨૪/૦૭થી હાલનો રેફરન્સ મજુર અદાલતને રીફર કરેલ છે. મજુર કમીશનરશ્રી સમક્ષ તા.૨–૧–૦૭ ના રોજ બીજા પક્ષકારે ડીલે કોન્ડોનની અલગથી અરજી કરેલ તેમાં કોઈ હુકમ કરેલ હોવાનુ જણાતુ નથી. ત્યારબાદ પક્ષકારોને મજુર અદાલતે સને ૨૦૦૭માં જ નોટીસ કરતાં તે સમયે બીજા પક્ષકારે માગણાનુ નિવેદન રજુ કરેલ નહી પરંતુ આંક–૭ થી તા.૮–૨–૧૧ના રોજ માગણાનુ નિવેદન રજુ કરેલ હોવાનુ જણાય છે. એટલે કે રેફરન્સ રીફર થયા બાદ ચાર વર્ષ પછી માગણાનુ નિવેદન રજુ કરેલ હોવાનુ જણાય છે.

ઔધોગિક વિવાદ ધારામાં સને ૨૦૧૦માં કલમ ૨(એ) ની જોગવાઈનો ઉમેરો કરવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

<u>Sec 2(A) Dismissal etc, of an individual workman to be deemed to be an industrial dispute;</u>

(1) Where any employer discharge, dismiss, retrenches or otherwise terminates the services of an individual workman, any dispute or difference between that workman and his employer connected with, or arising out of, such discharge, dismissal, retrenchment or termination shall be deemed to be an industrial dispute notwithstanding that no other workman nor any union of workman is a party to the dispute.

(2) Notwithstanding anything contained in section 10, any such workman as is specifed in sub- section (1) may, make an application direct to the Labour Court or Tribunal for adjudication of the he has made the application to the Conciliation Officer of the appropriate Government for conciliation of the dispute, and in receipt of such application the Labour Court or Tribunal shall have powers and jurisdiction to adjudicate upon the dispute, as if it were a dispute referred to it by the appropriate Government in accordance with provision of this Act and all the provision of this Act shall apply in relation to such adjudication as they apply in relation to an industrial dispute referred to it by the appropriate Government.

(3) The application referred to in sub-section (2) shall be made to the Labour Court or Tribunal before the expiry of three years from the date of discharge, dismissal, retrenchment or otherwise termination of service as specified in sub- section (1).

ઉપરોકત જોગવાઈ ઘ્યાને લેતાં જો કામદાર નોકરીમાંથી છુટા કર્યા અંગે મજુર અદાલત કે ટ્રીબ્યુનલ સમક્ષ ડાયરેકટ ફરીયાદ કે અરજી કરે તો તેની કાર્યવાહી મજુર કમીશનર ઘ્વારા રીફર કરવામાં આવતા રેફરન્સ મુજબની કાર્યવાહી કરવામાં આવશે અને આવી અરજી નોકરીમાંથી છુટા કર્યા ત્યારથી ૩ વર્ષની સમય મર્યાદામાં કરવી જોઈશે તેમ જણાવેલ છે. એ રીતે આઈ.ડી.એકટ અન્વયે કામદાર મજુર કમીશનર સમક્ષ ઔદ્યોગિક વિવાદ ઉપસ્થિત કરે તો તેવા સંજોગોમાં ઔદ્યોગિક વિવાદ ઉપસ્થિત કરવા માટે આઈ.ડી.એકટમાં સમયમર્યાદાની કોઈ જોગવાઈ કરવામાં આવેલ નથી. પરંતુ **નામદાર ગુજરાત હાઈકોર્ટ ઘ્વારા**

એસ.સી.એ. નં.૯૯૦૨/૨૦૧૫ ના કામે તા.૧૩–૨–૧૬ ના રોજ **સ્ટેટ ઓફ ગુજરાત અને બીજાઓ વિ. ધનજીભાઈ માનાભાઈ મારુ અને બીજાઓ**ના ચુકાદામાં રેફરન્સ સંબંધે નીચે મુજબનો સિધ્ધાંત પ્રસ્થાપિત થયેલ છે તેના જરુરી પેરેગ્રાફ નીચે મુજબ છે.

" **5.2** Even if the case of the workman is accepted on its face value, his service was discontinued in the year 1999 and the Reference was the year 2013. In this regard, refereence needs to be made to the decision of Honble the Supreme Court of India in the case of Assistant Engineer, Rajasthan State Agriculture Marketing Board, Sub Division Kota vs. Mohan Lal reported in (2013) 14 SCC 543 Para 19 of the said decision reads as under:

19. We are clearly of the view that though the Limitation Act 1963 is not applicable to the reference made under the ID Act but delay in raising industrial dispute is definitely an important circumstances which the Labour Court must keep in view at the time of exercise of discretion irrespective of whether or not such objection has been raised by the other side. The legal position laid down by this court in Gitam Singh that before exercising its judicial discretion, the Labour Court has to keep in view all relevant factors including the mode and manner of appointment, nature of employment, length of service, the ground on which termination has been set aside and the delay in raising industrial dispute before grant of relief in an industrial dispute, must be invariably followed. "

5.3 Reference can also be made to the subsequent decision of Honble the Supreme Court of India in the case of Prabhakar Vs. Joint Directore Sericulture Drpartment reported in JT 2015 (9) SC 83. para 26 of thereof reads as under:

26(D) whether dispute is alive or it has become stale/non-existent at the time when the workman approaches the appropriate Government is an aspect which would depend upon the facts and circumstances of each case and there can not be any hard and fast rule regarding the time for making the order of reference.

ઔદ્યોગિક વિવાદ ઉપસ્થિત કરવામાં થયેલ વિલંબ અને ઔદ્યોગિક વિવાદ ઉપસ્થિત કરવામાં પક્ષકારો ધ્વારા કરવામાં આવેલ ઉપેક્ષા (ડીલે અને લેચીસ) ના કિસ્સામાં નામદાર

સુપ્રીમકોર્ટે (૨૦૧૫) ૧૫ એસ.સી.સી.૧ પ્રભાકર વિ. જોઈન્ટ ડાયરેકટર, શેરીકલ્ચર ડીપાર્ટમેન્ટ અને બીજાઓના ચુકાદામાં કાયદાથી પ્રસ્થાપિત કરેલ છે કે, ઔધોગિક વિવાદ ઉપસ્થિત કરવા માટે સમયમર્યાદા ઠરાવવામાં આવેલ નથી પરંતુ રેફરન્સ રજુ કરવા માટે ડીમાન્ડ ઉપસ્થિત કરાવેલ ન હોય અને કાયદેસરતા અને વ્યાજબી કારણો રજુ થયા ન હોય અને કેસના ચોકકસ સંજોગો જણાતા ન હોય તો તેવા સંજોગોમાં વિલંબથી ઉપસ્થિત કરાયેલ રેફરન્સ ટકી શકતો નથી અને સંબંધીત પક્ષકાર ધ્વારા વિવાદ ઉપસ્થિત કરવાનો હક જતો કરેલ છે અને વિવાદનુ અસ્તિત્વ મટી જાય છે. નામદાર સુપ્રીમકોર્ટે એવુ પણ અવલોકન કરેલ કે, જો મજુર અદાલતને એવુ જણાય કે વિલંબથી રજુ થયેલ કેસ ચાલવાપાત્ર બને છે તો તેવા કેસમાં માંગેલ દાદ મોલ્ડ કરી અને જરુરી લાગે તે દાદ આપી શકે છે.

ઉપરોકત ચુકાદાના સિધ્ધાંત તથા આઈ.ડી.એકટની કલમ ૨(એ) ની જોગવાઈ ધ્યાને લેતાં કલમ ૨(એ) નો સુધારો એમેન્ડમેન્ટ એકટ નં.૨૪/૨૦૧૦ થી તા.૧૮–૮–૧૦ ના રોજ કરવામાં આવેલ છે જેથી આ જોગવાઈ જે તારીખે સુધારો થયો અને ત્યારપછી થતી રેફરન્સની કાર્યવાહીને લાગુ પડે છે. આ જોગવાઈ મુજબની ૩ વર્ષની સમયમર્યાદા કામદાર નોકરીમાંથી છુટા કર્યા અંગે મજુર અદાલત સમક્ષ ડાયરેકટ કોઈ ફરીયાદ અરજી કરે તો તેવી કાર્યવાહીને લાગુ પડે છે પરંતુ આ કેસમાં બીજા પક્ષકારે છુટા કર્યા તા.૧–૧–૨૦૦૦ પછી તા.૨–૧–૦૭ ના રોજ મજુર કમીશનર સમક્ષ ફરીયાદ કરેલ છે અને આ રેફરન્સ સને ૨૦૦૭ માં રીફર થયેલ છે તે સમયે આઈ.ડી.એકટમાં કોઈ સમયમર્યાદા ન હતી પરંતુ વ્યાજબી સમયમાં કાર્યવાહી થવી જોઈએ અને તે અંગે ગેરવ્યાજબી વિલંબ ન હોવો જોઈએ. હાલના કેસમાં બીજા પક્ષકારે મજુર કમીશનર સમક્ષ વિલંબ માફ કરવા ઈલાયદી અરજી પણ કરેલ છે તેમાં જણાવેલ કારણો અને ખુલાસા ધ્યાને લેતા બીજા પક્ષકારને નોકરીમાં પરત લેતા ન હતા અને બીજા પક્ષકાર ગરીબ, અભણ, આદિવાસી જાતિના અને કાયદાના અજ્ઞાન હોય સંસ્થાના જવાબદાર વ્યકિતઓ પર વિશ્વાસ રાખી જે તે સમયે કાર્યવાહી કરેલી નહી અને નોકરી પર ન લેતા મજુર અધિકારી સમક્ષ અરજી કરેલ હોવાનુ અને કેવી રીતે કેસ કરવો તેની કોઈ જાણકારી નહી હોવાના કારણો જણાવેલા છે. આમ, સને ૨૦૦૭ માં રેફરન્સ ની કાર્યવાહી અંગે કોઈ સમયમર્યાદા ન હતી અને સમયમર્યાદાની જોગવાઈનો સુધારો સને ૨૦૧૦ માં આવેલ હોય તથા બીજા

પક્ષકારે વિલંબ અંગેના જણાવેલ કારણો ધ્યાને લેતાં તથા ઉપરોકત ચુકાદાઓના સિધ્ધાંતો ધ્યાને લેતાં બીજા પક્ષકારે વિલંબ અંગે જણાવેલા કારણો વ્યાજબી હોવાનુ જણાતુ હોય તેઓએ વ્યાજબી સમયમાં હાલની રેફરન્સની કાર્યવાહી કરેલ હોવાનુ માનવાને કારણ છે તેમ આ અદાલતનુ માનવુ છે.

મુદ્દા નં.ર તથા ૩ :–

(૧૦) મુદ્દા નં.ર તથા ૩ સાબીત કરવાની જવાબદારી બીજા પક્ષકારની છે. બીજા પક્ષકારનુ તેમના માગણાના નિવેદન તથા જુબાનીની એફીડેવીટમાં એવુ કથન છે કે, તેઓ સ્વરાજ આશ્રમ વેડછી સંસ્થામાં ૩૦ વર્ષથી અનાજ કોઠાર વિભાગમાં અનાજ સાફ કરવાનુ તથા અનાજ જાળવણી તથા ખેતીકામના હોદ્દા પર કાયમી કામદારની હેસીયતથી રુા.૧૫/–ના રોજીંદા પગારથી તેમની ફરજ બજાવતા હતા. વર્ષમાં સરેરાશ ૩૫૦ દિવસ નોકરીની ફરજ બજાવેલ છે. નોકરી દરમ્યાન શોકોઝ નોટીસ, ચાર્જશીટ આપેલ નથી કે ખાતાકીય તપાસ કરેલ નથી. બીજા પક્ષકારની નોકરીની ફરજ સંસ્થા કહે ત્યાં ખેતી, ગૌશાળા, શૈક્ષણીક સંસ્થા, અનાજ કોઠાર ગોડાઉન, માર્ગ મકાનના બાંધકામ રીપેરીંગ, રસ્તા રીપેરીંગ, ગટર વિગેરે ફરજ બજાવવાની હતી અને દૈનિક રુા.૧૫/– પ્રમાણે ૧૫ દિવસે વાઉચર પર રેવન્યુ ટીકીટ લગાડી પગાર ચુકવતા હતા. લઘુતમ વેતનના કાયદા અનુસાર ઓછો પગાર ચુકવતા હોય બીજા પક્ષકારે મૌખિક વાંધો વિરોધ કરતાં અને મજુર કાયદાના લાભોની માગણી કરતા કિન્નાખોરી રાખી તા.૧–૧–ર૦૦૦ ના રોજ કોઈપણ જાતના વાંકગુના વગર મૌખિક હુકમથી નોકરીમાંથી કાઢી મુકેલ હોવાનુ જણાવેલ છે. જયારે પ્રથમ પક્ષકારનો આંક–૮ ના લેખીત જવાબ મુજબ એવો બચાવ છે કે, બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થાના કાયમી કામદાર નથી સંસ્થામાં ખેતીની જમીનમાં નિંદામણની જરુર પડે ત્યારે રુા.ર૫/–ના દરે રોજમદાર તરીકે બોલાવવામાં આવતા હતા અને બીજા પક્ષકાર કાયમી પોસ્ટ પર નિમણુંક થયેલા ન હતા અને સંસ્થા સરકારી ગ્રાંટ ઉપર નભે છે. બીજા પક્ષકાર કાયમી કામદાર ન હોય તેઓને છુટા કરવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આમ બંને પક્ષકારો વચ્ચે રોજીંદા કામદાર કે કાયમી કામદાર માલીકના સંબંધોની મુખ્ય તકરાર રહેલી છે. પક્ષકારો વચ્ચેની તકરાર ધ્યાને લેતાં આઈ.ડી.એકટની કલમ ર(એસ), ર૫(બી) અને ર૫(એફ) ની જોગવાઈ ધ્યાને લેવી જરુરી છે જે નીચે મુજબ છે.

<u>કલમ–૨(એસ) ' કામદાર':–</u>

કામદાર એટલે ભાડેથી અથવા બદલો આપીને કોઈ પણ શારીરીક, બિનકસબી, કસબી, ટેકનિકલ શસ્ત્રક્રિયા, કારકુની, અથવા સુપરવાઈઝરી કામ કરવા માટે ઉદ્યોગમાં કામે રાખેલી (એપ્રેન્ટીસ સહિતની) કોઈ પણ વ્યકિત, પછી તેની રોજગારીની શરતો લેખિત હોય કે ગર્ભિત હોય અને કોઈ ઔદ્યોગિક તકરારના સંબંધમાં આ અધિનિયમ હેઠળની કોઈ કાર્યવાહીના હેતુઓ માટે તેમાં સદરહુ તકરાર અંગે અથવા તેને પરીણામે બરતરફ કરેલી, છુટી કરેલી અથવા છટણી કરેલી વ્યકિતઓનો અથવા તેની બરતરફી, રુખસદ અથવા છટણીથી સદરહુ તકરાર ઉપસ્થિત થઈ હોય તે વ્યકિતઓનો સમાવેશ થાય છે. પણ તેમાં નીચેની વ્યકિતનો સમાવેશ થતો નથી –

(૧) એરફોર્સ એકટ,૧૯૫૦ (સને ૧૯૫૦ ના ૪૫મા) અથવા આર્મી એકટ, ૧૯૫૦ (સને ૧૯૫૦ ના ૪૬મા) અથવા નેવી એકટ, ૧૯૫૭(સને ૧૯૫૭ ના ૬૨મા) ને આધીન હોય તે વ્યકિત, અથવા

(૨) પોલીસ સેવામાં અથવા કોઈ જેલના અધિકારી અથવા બીજા કર્મચારી તરીકે નોકરી કરતી વ્યકિત, અથવા

(૩) મુખ્યત્વે વ્યવસ્થાપકીય અથવા વહીવટી હેસિયતમાં કામે રાખેલી વ્યકિત, અથવા

(૪) જેને સુપરવાઈઝરી હેસિયતમાં કામે રાખેલી હોય અને દર મહિને સોળસો રૂપિયાથી વધુ વેતન મેળવતી હોય અથવા તેના હોદ્દા સાથે જોડાયેલી ફરજો એવા પ્રકારની હોવાને કારણે અથવા તેમાં નિહિત થયેલી સત્તાને કારણે જે મુખ્યત્વે વ્યવસ્થાપકના કાર્યો બજાવતી હોય તે વ્યકિત.

<u>૨૫–બી સળંગ નોકરીની વ્યાખ્યા :–</u>

આ પ્રકરણના હેતુઓ માટે –

(૧) કોઈ કામદાર, બીમારી અથવા અધિકૃત રજા અથવા અકસ્માત અથવા ગેરકાયદેસર ન હોય એવી હડતાળ અથવા તેની કોઈ કસુરના લીધે ન હોય એવી તાળાબંધી અથવા

કામબંધીને કારણે ખંડિત થાય એવી નોકરી સહીતની અખંડ નોકરીમાં હોય તો તેટલી મુદત સુધી સળંગ નોકરીમાં છે એમ કહેવાય.

(૨) એક વર્ષ અથવા છ મહીના સુધી ખંડ(૧)ના અર્થમાં સળંગ નોકરીમાં ન હોય, ત્યારે તેવા કામદારે,

(એ) જો તેણે જે તારીખના સંદર્ભમાં ગણતરી કરવાની હોય તે તારીખ પહેલાના બાર અંગ્રેજી મહીનાની મુદત દરમ્યાન,

(૧) કોઈ ભુગર્ભમાં કામે રાખેલા કામદારના દાખલામાં, એકસો નેવુ દિવસ અને

(૨) બીજા કોઈ દાખલામાં, બસો ચાલીસ દિવસથી ઓછા નહી તેટલા દિવસો સુધી કોઈ માલીક હેઠળ ખરેખર કામ કર્યુ હોય તો, એક વર્ષની મુદત સુધી,

(બી) જો તેણે જે તારીખના સંદર્ભમાં ગણતરી કરવાની હોય તે તારીખ પહેલા છ અંગ્રેજી મહીનાની મુદત દરમ્યાન,

(૧) કોઈ ભુગર્ભ ખાણમાં કામે રાખેલા કામદારના દાખલામાં, પંચાણુ દિવસ અને,

(૨) બીજા કોઈ દાખલામાં, એકસો વીસથી ઓછા નહિ તેટલા દિવસો સુધી, કોઈ માલીક હેઠળ ખરેખર કામ કર્યુ હોય તો તે છ મહીનાની મુદત સુધી, સળંગ નોકરીમાં છે એમ ગણાશે.

<u>૨૫–એફ. કામદારોની છટણીની પુર્વ શરતો :–</u>

કોઈ માલિક હેઠળ ઓછામાં ઓછી એક વર્ષની અખંડ નોકરી કરી હોય તેવા કોઈ ઉદ્યોગમાં કામે રાખેલા કામદારની છટણી;

(એ) તે કામદારને છટણીનાં કારણો દર્શાવતી એક મહિનાની લેખિત નોટીસ આપવામાં આવી ન હોય અને નોટીસની મુદ્દત પુરી ન થઈ હોય અથવા તો કામદારને આવી નોટીસને બદલે નોટીસની મુદ્દત સુધીનું વેતન આપવામાં ન આવે ત્યાં સુધી;

પરંતુ, (×××××)

(બી) તે કામદારને છટણી વખતે (અખંડ નોકરીના દરેક પુરા વર્ષ માટે) અથવા છ મહિનાથી વધુ હોય તેવા તેના ભાગ માટે પંદર દિવસના સરેરાશ પગાર જેટલુ વળતર આપવામાં ન આવે ત્યાં સુધી; અને

(સી) સમુચિત સરકાર ઉપર અથવા તે સરકાર ગેઝેટમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને, નિર્દિષ્ટ કરે તેવા સત્તાધિકારી ઉપર ઠરાવેલી રીતે નોટીસ બજાવવામાં ન આવે ત્યાં સુધી, કરી શકાશે નહિ.

(૧૦.૧) પક્ષકારો તરફે રજુ કરેલા મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો બીજા પક્ષકારના જણાવ્યા પ્રમાણે છેલ્લા ૩૦ વર્ષથી સંસ્થામાં રુા.૧૫/–ના રોજીંદા દરે અનાજ કોઠાર વિભાગમાં અનાજ સાફ કરવાનુ તથા અનાજ જાળવણી તથા ખેતીકામના હોદ્દા પર કામ કરતા હતા અને બીજા પક્ષકારની નોકરીની ફરજ ખેતી, ગૌશાળા, શૈક્ષણીક સંસ્થા, અનાજ કોઠાર ગોડાઉન, માર્ગ મકાનના બાંધકામ રીપેરીંગ, રસ્તા રીપેરીંગ, ગટર વિગેરે ફરજ બજાવવાની હતી અને તા.૧–૧–૨૦૦૦ ના રોજ નોકરીમાંથી ગેરકાયદેસર રીતે છુટા કરી દીધેલ હોવાનુ જણાવેલ છે જયારે પ્રથમ પક્ષકારના જણાવ્યા પ્રમાણે બીજા પક્ષકાર કાયમી કામદાર કે પોસ્ટથી નિમણુંક પામેલ કામદાર ન હતા પરંતુ સંસ્થામાં ખેતીકામમાં નિંદણ માટે જરુર પડે ત્યારે રોજીંદા દરે બોલાવી કામ કરાવવામાં આવતુ હતુ તેથી તેઓને છુટા કરવાનો પ્રશ્ન થતો નથી. બીજા પક્ષકારે તેમના માગણાના નિવેદન તથા જુબાનીની એફીડેવીટમાં સ્પષ્ટ જણાવેલ છે કે, પ્રથમ પક્ષકાર સંસ્થા તેઓને મજુર કાયદા મુજબના કોઈ પુરાવા કે લાભો આપતા ન હતા. આમ, જયારે બીજા પક્ષકારને સંસ્થા ધ્વારા નોકરી અંગેના કોઈ પુરાવા આપવામાં આવતા ન હોય ત્યારે તેની પાસેથી તેના પુરાવા આ કામે રજુ કરવાની અપેક્ષા રાખી શકાય નહી. બીજા પક્ષકારે આંક–૧૬ થી દસ્તાવેજી પુરાવા રજુ કરાવવા અરજી આપતા નામદાર કોર્ટે તા.૧–૧–૯૭ થી ૩૧–૧–૨૦૦૦ સુધીના હાજરીપત્રક, પગારપત્રક તથા ઓળખપત્રના રજીસ્ટરના દસ્તાવેજો વિકલ્પે તે અંગેનુ સોગંદનામુ રજુ કરવાનો હુકમ કરેલ છે. આ હુકમ મુજબ પ્રથમ પક્ષકારે નિ.૧૮/૧ થી ૧૮/૪ સુધીના તા.૧–૧–૯૭ થી ૩૧–૧–૨૦૦૦ સુધીના નઈ તાલીમ અધ્યાપન વિભાગ તથા ઉત્તર બુનીયાદી વિભાગના હાજરીપત્રક તથા પગારપત્રકની ઝેરોક્ષનકલો રજુ કરેલ છે અને ઓળખપત્રક રજીસ્ટર રાખવા અંગે કોઈ જોગવાઈ ન હોય તે રજુ કરી શકાય તેમ નહી હોવાનુ આંક–૨૦ થી એફી. રજુ કરેલ છે.

(૧૦.૨) પ્રથમ પક્ષકારે નિ.૧૮/૧ થી ૧૮/૪ સુધીના તા.૧–૧–૯૭ થી ૩૧–૧–૨૦૦૦ સુધીના નઈ તાલીમ અધ્યાપન વિભાગ તથા ઉત્તર બુનીયાદી વિભાગના

હાજરીપત્રક તથા પગારપત્રકની ઝેરોક્ષનકલો રજુ કરેલ છે પરંતુ રોજીંદા કામદારોના કે સંસ્થાના અન્ય વિભાગના કોઈ હાજરીપત્રક કે પગારપત્રક રજુ કરેલ નથી. બીજા પક્ષકારના જણાવ્યા પ્રમાણે વાઉચર પર ટીકીટ લગાડી સહી લઈ પગાર ચુકવવામાં આવતો હતો અને પ્રથમ પક્ષકારે તેમની જુબાનીમાં વાઉચરના પુરાવા મળી આવશે તો રજુ કરવાનુ કબુલ કરેલ અને રોજીંદા કામદારોને વાઉચરમાં સહી લઈ મહેનતાણુ ચુકવતા હોવાની હકીકત કબુલ કરેલ તેમ છતાં તેવા વાઉચરોનો પુરાવો રજુ કરેલ નથી કે તે પુરાવા રજુ નહી કરવા અંગે કોઈ ખુલાસો કરેલ નથી. બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં રોજીંદા કામદાર તરીકે કામ કરતા હોવાની હકીકત સ્વીકૃત હકીકત છે. પ્રથમ પક્ષકારે તેમની જુબાનીમાં રોજીંદા કામદારોનુ સંસ્થામાં હાજરીપત્રક અને પગારપત્રક રાખવામાં આવતુ હતુ અને તે રેકર્ડ ઘણા વર્ષ જુનુ હોય નાશ પામેલ હોવાનુ જણાવેલ છે પરંતુ આ રેકર્ડ નાશ પામેલ હોય તે અંગે રેકર્ડ પર કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. વધુમાં પ્રથમ પક્ષકારે જુબાનીમાં એવી હકીકત પણ કબુલ કરેલ છે કે તેઓ બીજા પક્ષકારને હાજરીકાર્ડ પગારચીઠ્ઠી કે ઓળખપત્ર આપતા ન હતા કારણ કે તેઓ તેમના કાયમી કામદાર ન હતા હકીકતમાં મજુર કાયદા મુજબના પુરાવા માત્ર કાયમી કામદારને જ આપવાના અને રોજીંદા કામદારોને નહી આપવાના મજુર કાયદામાં તેવી કોઈ જોગવાઈ નથી રોજીંદા કામદારો પણ મજુર કાયદા મુજબના પુરાવા મેળવવા હકદાર છે. પ્રથમ પક્ષકારે જુબાનીમાં કબુલ કર્યા પ્રમાણે તેઓ રોજીંદા કામદારને હાજરીકાર્ડ અને પગારચીઠ્ઠી આપતા ન હતા તે હકીકતને બીજા પક્ષકારના માગણાના નિવેદન તથા જુબાનીની એફી.થી સમર્થન મળેલ છે. આમ, જયારે પ્રથમ પક્ષકાર બીજા પક્ષકારને હાજરીકાર્ડ પગારચીઠ્ઠી જેવા પુરાવા આપતા ન હોય ત્યારે સંસ્થામાં નોકરી કર્યા અંગે બીજા પક્ષકાર પાસે કોઈ પુરાવા હોઈ શકે નહી તેમ આ અદાલતનુ માનવુ છે.

(૧૦.૩) પ્રથમ પક્ષકારે નિ.૧૮/૧ થી નિ.૧૮/૪ સુધીના રજુ કરેલા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેવામાં આવે તો નિ.૧૮/૧ થી નઈ તાલીમ અધ્યાપન વિભાગના તા.૧-૧-૯૭ થી ૩૧-૧-૨૦૦૦ સુધીના હાજરીપત્રકની ઝેરોક્ષનકલ રજુ કરેલ છે જેમાં નઈ તાલીમ અધ્યાપન વિભાગમાં ફરજ બજાવતાં આચાર્ય, સહ અધ્યાપક તથા કલાર્ક તથા પટાવાળાના કુલ ૧૦ નામ દર્શાવેલા છે. આ પત્રકો ઝેરોક્ષ નકલ છે. નિ.૧૮/૨ થી નઈ તાલીમ અધ્યાપન વિભાગના ઉપર

મુજબના કર્મચારીઓના પગારપત્રકની નકલો રજુ કરેલ છે. નિ.૧૮/૩ થી ઉત્તર બુનીયાદી વિભાગના તા.૧–૧–૯૭ થી ૩૧–૧–૨૦૦૦ સુધીના હાજરીપત્રકની ઝેરોક્ષનકલ રજુ કરેલ છે જેમાં ઉત્તર બુનીયાદી વિભાગમાં ફરજ બજાવતાં આચાર્ય, સહ અધ્યાપક, મદદ.શિક્ષક, તથા કલાર્ક તથા પટાવાળા વિગેરેના કુલ ૨૨ નામ દર્શાવેલા છે. આ પત્રકો પણ ઝેરોક્ષ નકલ છે. નિ.૧૮/૪ થી ઉત્તર બુનીયાદી વિભાગના ઉપર મુજબના કર્મચારીઓના પગારપત્રકની ઝેરોક્ષ નકલો રજુ કરેલ છે. આમ, નિ.૧૮/૧ થી નિ.૧૮/૪ સુધીના સંસ્થાએ રજુ કરેલ હાજરીપત્રક તથા પગારપત્રક ધ્યાને લેવામાં આવે તો તે પત્રકો અસલ નથી તેમજ અસલની એટેસ્ટેડ કોપી પણ નથી. આ ઝેરોક્ષ પત્રકો પર ખરીનકલના કોઈ સહીસીકકા નથી તે રીતે આ પત્રકો પ્રમાણીત નકલો નથી. ભારતીય પુરાવા અધિનિયમ પ્રમાણે કેસના પ્રોસીડીંગના પુરાવામાં વંચાણે લેવા માટે અસલ પુરાવો રજુ કરવાનો હોય છે અને તે અસલ પુરાવો રજુ કરે અને પુરાવા અધિનિયમ પ્રમાણે પુરવાર કરે તો જ તે પુરાવામાં ગ્રાહય બને છે જો અસલ પુરાવા ખોવાઈ ગયા હોય કે નાશ પામેલ હોય અથવા રજુ કરી શકે તેમ ન હોય તો ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૬૫ પ્રમાણે તેની પરિપુર્ણતા કર્યેથી તેવા દસ્તાવેજી પુરાવા સેકન્ડરી એવીડન્સ તરીકે ગ્રાહય બને છે. **૨૦૦૫ (૧૦૬) એફએલઆર ૯૬૮ એમ્પલોઈઝ સ્ટેટ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન લી. વિ. સરફુદ્દીન**ના ચુકાદામાં નામદાર અલ્હાબાદ હાઈકોર્ટે જયાં સુધી અસલ દસ્તાવેજ રજુ કરી પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી તેની ઝેરોક્ષ કોપીની ભારતીય પુરાવા અધિનિયમ પ્રમાણે કોઈ વેલ્યુ રહેલી નથી તેમ ઠરાવેલ છે. **૧૯૯૮ (૧) જીસીડી ૮૧ જહોન મીઠાલાલ દેસાઈ વિ. દિનેશભાઈ કે.વોરા**ના ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે જયારે અસલ દસ્તાવેજ ગુમ થયો હોય અને તેને શોધવા માટે અનેક પ્રયત્નો કરવા છતાં મળી આવેલ ન હોય ત્યારે તેવા દસ્તાવેજની નકલને સેકન્ડરી એવીડન્સ તરીકે ગ્રાહય રાખી શકાય તેમ ઠરાવેલ છે. હાલના કેસમાં સંસ્થાએ અસલ પત્રકો રજુ કરેલ નથી કે તે અસલ પત્રકો હયાત હોવા અંગે કે તે રજુ ન કરવા અંગે કોઈ ખુલાસો કરેલ નથી તેમજ આ પત્રકો અન્ય કેસમાં રજુ કરેલ કે તે ખોવાઈ ગયેલ છે કે તેનો નાશ થયેલ છે તે અંગે કોઈ પરિપુર્ણતા કરેલ નથી જેથી નિ.૧૮/૧ તથા નિ.૧૮/૪ વાળા હાજરીપત્રક અને પગારપત્રકના પુરાવા અસલ પુરાવા ન હોય અને તે અસલની ખરીનકલ ન હોય તેમજ સેકન્ડરી એવીડન્સ તરીકેની પરિપુર્ણતા સાબીત

થતી ન હોય તે દસ્તાવેજી પુરાવા સેકન્ડરી એવીડન્સ તરીકે પુરાવામાં વંચાણે લઈ શકાય નહી તેમ આ અદાલતનુ માનવુ છે. વળી રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો પ્રથમ પક્ષકારે આંક–૧૩ થી તા.૮–૧૦–૧૫ ના રોજ જુબાનીની એફી. રજુ કરેલ છે અને આંક–૧૮ ના લીસ્ટના દસ્તાવેજો તા.૨૧–૬–૧૭ ના રોજ રજુ કરેલ છે એટલે કે, આ દસ્તાવેજી પુરાવો પ્રથમ પક્ષકારે પોતાની જુબાનીની એફી. રજુ કર્યા પછી રજુ કરેલ છે અને આ દસ્તાવેજી પુરાવાની હકીકતો બાબતે પાછળથી સંસ્થા તરફે મૌખિક પુરાવાનુ વધારાનુ સોગંદનામુ રજુ કરેલ નથી તે સંજોગોમાં આંક–૧૮ના લીસ્ટના દસ્તાવેજી પુરાવાને પ્રથમ પક્ષકાર સંસ્થાના મૌખિક પુરાવાથી કોઈ સમર્થન કરેલ ન હોય તે સંજોગોમાં પણ આ દસ્તાવેજી પુરાવા પુરવાર થયેલ હોવાનુ માની શકાય નહી. પ્રથમ પક્ષકારે તેમની ઉલટતપાસમાં પ્રથમ પક્ષકાર સંસ્થામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં ૧૦, પીટીસીમાં ૨, છાત્રાલયમાં ૭, કર્મચારીઓ ગ્રાન્ટેડ તે સિવાય એક કર્મચારી નોન ગ્રાન્ટેડ જણાવેલ છે. જયારે નિ.૧૮/૧ ના નઈ તાલીમ અધ્યાપન વિભાગના હાજરીપત્રકમાં ૧૦ તથા નિ.૧૮/૩ ના ઉત્તર બુનીયાદી વિભાગના હાજરીપત્રકમાં ૨૨ કર્મચારીઓના નામ છે જે પ્રથમ પક્ષકારના મૌખિક પુરાવાથી વિરુધ્ધની હકીકતનો પુરાવો રેકર્ડ પર આવેલ છે. આમ, આંક–૧૮ ના લીસ્ટના દસ્તાવેજી પુરાવા અસલ રજુ કરેલ ન હોય અને અને તે અસલની ખરીનકલ ન હોય અને તે આંકે પડાવેલ ન હોય તે દસ્તાવેજી પુરાવા એડમીશીબલ ન હોય તેથી પુરાવા તરીકે વંચાણે લઈ શકાય તેમ નથી તેમ આ અદાલતનુ માનવુ છે. આ સિવાય સંસ્થાએ પ્રથમ પક્ષકાર સંસ્થાના અન્ય વિભાગોના કામદાર કે કર્મચારીઓના કે રોજમદાર કામદારોના અન્ય કોઈ રજીસ્ટરો કે પુરાવા રજુ કરેલ નથી.

(૧૦.૪) પ્રથમ પક્ષકારે રજુ કરેલા ચુકાદાઓ માનસહ વંચાણે લીધા. પ્રથમ પક્ષકારે રજુ કરેલા **2006 LLR 250 (S.C.) સુરેન્દ્રનગર ડીસ્ટ્રીકટ પંચાયત અને બીજાઓ વિ. જેઠાભાઈ પિતાંબરભાઈ**ના ચુકાદામાં નામદાર સુપ્રીમકોર્ટે ઠરાવેલ કે, છુટા કર્યા અગાઉના ૧૨ માસમાં ૨૪૦ દિવસ સળંગ કામ કરેલ હોવાનુ પુરવાર કરવાની જવાબદારી કામદારની છે. કામદારે રજુ કરેલ પોતાની એફીડેવીટનો પુરાવો પુરતો નથી તેમજ તેની પગારચીઠ્ઠી, પગારના પુરાવા, નિમણુંકપત્ર જેવા અન્ય પુરાવા રજુ કરવા જોઈએ અને જો આવા પુરાવા રજુ કરવામાં ન આવે તો ૨૪૦ દિવસ કામ કર્યાનુ માની શકાય નહી અને કલમ ૨૫ એફનો લાભ મળી શકે નહી.

આ ઉપરાંત પ્રથમ પક્ષકારે ૨૪૦ દિવસ સળંગ નોકરી અંગે 2008 LLR 332 (M.P.H.C.) હેમરાજ વિ. ડાયરેકટર, શેરીકલ્ચર, ભોપાલ અને બીજાઓ તથા 2009 (120) FLR 1007 (S.C.) રાણીપ નગરપાલીકા વિ. બાબુજી ગાભાજી ઠાકોર તથા 2014 LLR 890 (P.&H.H.C.) ભારત પંપ્સ એન્ડ કોમ્પ્રેસર્સ લી. અલ્હાબાદ વિ. આનંદકુમાર અને બીજાઓ તથા 2016 (151) FLR 120 (GUJ.H.C.) રમાબેન રમેશચંદ્ર પનારા વિ. કોન્ટ્રાકટર સુપ્રીમ સેનીટેશન એન્ડ હોર્ટીકલ્ચર સર્વીસ અને બીજાઓના ચુકાદાઓ રજુ કરેલ છે.

ઉપરોકત ચુકાદાઓ માનસહ વંચાણે લીધા તેમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો સાથે આ અદાલત સહમત છે. આ તમામ ચુકાદાઓના સિધ્ધાંતો ધ્યાને લેતા જયારે કામદાર માલીકના સંબંધ અંગેની અને ૨૪૦ દિવસ સળંગ કામ કર્યા અંગેની તકરાર હોય ત્યારે તે કેસના અરજદાર કામદાર તે સંસ્થાના કામદાર હોવાનુ અને ૨૪૦ દિવસ સળંગ કામ કર્યા અંગેનુ પુરવાર કરવાની પ્રાથમીક જવાબદારી તે કામદારની છે અને કામદારે પોતાની તરફેણમાં હકારાત્મક નિર્ણય આવે તે માટે તેઓએ પોતાની એફીડેવીટ સિવાય કોઝન્ટ એવીડન્સ રજુ કરી પુરવાર કરવુ પડે. જો તેમ કરવામાં નિષ્ફળ જાય તો તે પુરવાર થયેલ નથી તેમ ગણી શકાય તેમ ઠરાવેલ છે.

પરંતુ હાલના કેસમાં બીજા પક્ષકારના જણાવ્યા પ્રમાણે સંસ્થા ધ્વારા તેઓને મજુર કાયદા મુજબના કોઈ પુરાવા આપવામાં આવતા ન હતા જેથી તેઓની પાસેથી તેવા પુરાવા રેકર્ડ પર રજુ કરવાની અપેક્ષા રાખી શકાય નહી. વળી બીજા પક્ષકારે પોતાની આંક–૧૧ ની જુબાનીની એફીડેવીટથી પોતાના પર રહેલ પ્રાથમીક પુરાવાના બોજાનુ ખંડન કરેલ છે જેથી ઓનર્સ ઓફ પ્રુફ પ્રથમ પક્ષકાર ઉપર ખસેલ છે અને પ્રથમ પક્ષકારે આંક–૧૮ ના લીસ્ટથી રજુ કરેલ દસ્તાવેજી પુરાવા અસલ નથી કે તેની ખરીનકલ નથી અને આંક–૧૮ ના લીસ્ટથી રજુ કરેલ દસ્તાવેજી પુરાવાની હકીકતો પુરવાર કરેલ નથી. પ્રથમ પક્ષકારે તેમની જુબાનીમાં રોજીંદા કામદારના હાજરીપત્રક અને પગારપત્રક નિભાવવામાં આવતા હતા અને રોજીંદા કામદારોને હાજરીકાર્ડ કે પગારચીઠ્ઠી જેવા પુરાવા આપતા નહી હોવાનુ કબુલ કરેલ છે અને આંક–૧૬ થી દસ્તાવેજી પુરાવા રજુ કરવાનો હુકમ થયેલ હોવા છતાં સંસ્થાએ રોજીંદા કામદારોના પત્રકો રજુ કરેલ નથી કે રજુ નહી કરવાનો કોઈ ખુલાસો કરેલ નથી જેથી હાલના

કેસની હકીકત અને સંજોગો જોતાં આ ચુકાદાના કેસોની હકીકતો ભિન્ન હોય તે ચુકાદાઓ હાલના કેસને લાગુ પડતા નથી તેમ આ અદાલતનુ નમ્રપણે માનવુ છે.

(૧૦.૫) આ અદાલતના ધ્યાન પર આવેલ **2003 (3) GLH 435 (GUJ.H.C.) રાજકોટ ડીસ્ટ્રીકટ પંચાયત વિ. જયાબેન માવજીભાઈના ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે** ઠરાવેલ છે કે કામદારે ૨૪૦ દિવસ નોકરી કરેલ હોવાનું સાબિત કરવા માટે કર્મચારીના કબજામાં દસ્તાવેજી પુરાવાની ગેરહાજરીમાં માલિકે તેના કબજામાં રહેલ અસલ રેકર્ડ ૨૪૦ દિવસ સુધી કામ કર્યા હોવાના કામદારના દાવાનું ખંડન કરવા માટે રજુ કરવું જોઈએ. જયારે કર્મચારીને સેવામાં રાખતી વખતે અથવા તો સમાપ્તી વખતે કોઈ દસ્તાવેજો આપવામાં આવ્યા ન હોય તેવા કેસમાં જો માલિક આવા પુરાવા રજુ ન કરે તો મજુર અદાલત માલિક સામે વિરુધ્ધનુ અનુમાન કરી શકે.

2005 (106) FLR 97 (GUJ.H.C.) સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ જીતેન્દ્ર એમ.રાવલનો ચુકાદો માનસહ વંચાણે લીધો જેમાં નામદાર વડી અદાલતે ઠરાવેલ છે કે, જયારે કામદારે સોગંદ ઉપર જણાવેલ કે તે નોકરીમાં હતા અને ૨૪૦ દિવસ સતત નોકરી પુર્ણ કરેલ છે પરંતુ દેખીતી રીતે ૨૪૦ દિવસની નોકરી પુર્ણ કર્યાનુ સાબીત કરવા માલીક ધ્વારા કોઈ પુરાવો પુરો પાડવામાં ન આવ્યો હોય ત્યારે જે ક્ષણે કામદાર માલીક વિરુધ્ધ કાયદાકીય પુરાવા એટલે કે, પોતાના સોગંદ પરના પુરાવાથી રજુ કરે તો પુરાવાનો ભાર કામદાર પર ન રહેતા માલીક પર ખસે છે અને માલીકે કામદારનો દાવો ખોટો હોવાનો સાબીત કરવાનુ રહે છે. જે કામદાર મૌખિક પુરાવાથી પોતાનો કેસ સાબીત કરે તો માલીકે સમગ્ર અસલ દસ્તાવેજો નામદાર કોર્ટમાં રજુ કરવા પડે અને જો માલીક એવા પુરાવા રજુ ન કરે તો તેની સામે વિરુધ્ધ વિરુધ્ધનુ અનુમાન થઈ શકે અને વધુમાં ઠરાવેલ છે કે, જયારે માલીકે એવી તકરાર લીધી હોય કે કામદાર જાતે કામ છોડીને જતો રહે ત્યારે માલીકે કામદારને નોકરી પર હાજર થઈ જવા નોટીસ આપેલ હોવી જોઈએ અને તેવા પુરાવા વગર તેવી તકરાર ધ્યાને લઈ શકાય નહી.

2007 (2) LLN 144 (S.C.) શ્રીરામ ઈન્ડસ્ટ્રીયલ એન્ટરપ્રાઈસીસ લી. વિરુધ્ધ મહેકસિંઘ અને બીજાઓના ચુકાદામાં નામદાર સુપ્રીમકોર્ટે ઠરાવેલ છે કે, કામદારે ૨૪૦ દિવસ સળંગ નોકરી કરેલ છે કે કેમ તે માટે માલીકે હાજરીપત્રક તથા મસ્ટરરોલનો પુરાવો રજુ

કરેલ નહી અને તે પુરાવો આ હકીકત માટે પ્રસ્તુત અને યોગ્ય પુરાવો ગણી શકાય. જેથી જયારે માલીક એવા પુરાવા રજુ ન કરે અને કામદારે પોતાના મૌખિક પુરાવાથી શરુઆતનો પુરવાર કરવાનો બોજો ડીસ્ચાર્જ કરેલ હોય ત્યારે કામદારે ૨૪૦ દિવસ કામ કરેલ નથી તે માલીકે પુરવાર કરવાનુ હોય છે અને માલીક કોઈ પુરાવા રજુ ન કરે તો તેની સામે વિરુધ્ધનુ અનુમાન થઈ શકે.

2008 (1) GLH 286 (GUJ.H.C.) પ્રિન્સીપાલ એસ.વી.દોશી ગર્લ્સ હાઈસ્કુલ વિરુધ્ધ લીલાબેન સોમાભાઈ ગડાસાના ચુકાદામાં નામદાર વડી અદાલતે ઠરાવેલ છે કે, જયારે કામદારે સોગંદ ઉપર જણાવેલ કે તે નોકરીમાં હતા અને ૨૪૦ દિવસ સતત નોકરી પુર્ણ કરેલ છે પરંતુ દેખીતી રીતે ૨૪૦ દિવસની નોકરી પુર્ણ કર્યાનુ સાબીત કરવા માલીક ધ્વારા કોઈ પુરાવો પુરો પાડવામાં ન આવ્યો હોય ત્યારે જે ક્ષણે કામદાર માલીક વિરુધ્ધ કાયદાકીય પુરાવા એટલે કે, પોતાના સોગંદ પરના પુરાવાથી રજુ કરે તો પુરાવાનો ભાર કામદાર પર ન રહેતા માલીક પર ખસે છે અને માલીકે કામદારનો દાવો ખોટો હોવાનો સાબીત કરવાનુ રહે છે. જે કામદાર મૌખિક પુરાવાથી પોતાનો કેસ સાબીત કરે તો માલીકે સમગ્ર અસલ દસ્તાવેજો નામદાર કોર્ટમાં રજુ કરવા પડે અને જો માલીક એવા પુરાવા રજુ ન કરે તો તેની સામે વિરુધ્ધ વિરુધ્ધનુ અનુમાન થઈ શકે.

2012 (1) GLR 59 (GUJ.H.C.) ઈમ્તીયાઝ અબ્બાસભાઈ શેખ અને બીજાઓ વિ. વેધર ક્રાફ્ટ લીમીટેડ અને બીજાઓના ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, કામદાર માલીક વચ્ચેનો સંબંધ કામદાર કેવી રીતે પુરવાર કરે, જયારે માલીક ચબરાકી વર્તી કોઈપણ પ્રકારના કાગળો તથા પુરાવા કામદારના હાથમાં ન જાય તેમ જુએ ત્યારે ઠરાવવામાં આવ્યુ કે, સામાન્ય રીતે કાગળો તથા પુરાવા સંપુર્ણપણે માલીકના નિયંત્રણમાં રહેતા હોય તેવા સંજોગોમાં મજુર અદાલતે માલીકને સુસંગત વિગત રજુ કરવાની જરુર જણાવી સાચો સંબંધ પુરવાર કરવા થોડો વધુ પ્રમાણીક પ્રયત્નો કરવા જણાવવામાં આવેલ છે અને આ મુદ્દાને લાગણીસભર અને વ્યવહારીક દૃષ્ટિએ ઉકેલવો જોઈએ. કારણ કે બંને પક્ષકારો સમાન સ્તરના સ્પર્ધકો નથી અને કામદાર હંમેશા નબળા પુરવાર થતા હોય છે. ઉપરોકત ચુકાદાઓના સિધ્ધાંતો હાલના કેસમાં સંપુર્ણપણે લાગુ પડે છે.

(૧૦.૬) હાલના કેસમાં રેકર્ડ પર રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાની ઉપર ચર્ચા કર્યા મુજબ બીજા પક્ષકારે તેમના માગણાના નિવેદનમાં જણાવ્યા મુજબ તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં ૩૦ વર્ષથી માસીક રુા.૧૫/–ના રોજીંદા દરે અનાજ કોઠાર વિભાગમાં અનાજ સાફ કરવાનુ તથા અનાજ જાળવણી તથા ખેતીકામના હોદ્દા પર કામ કરતા હતા અને બીજા પક્ષકારની નોકરીની ફરજ ખેતી, ગૌશાળા, શૈક્ષણીક સંસ્થા, અનાજ કોઠાર ગોડાઉન, માર્ગ મકાનના બાંધકામ રીપેરીંગ, રસ્તા રીપેરીંગ, ગટર વિગેરે ફરજ બજાવવાની હતી તેમ જણાવેલ છે. આ હકીકતનો બીજા પક્ષકારે આંક–૧૧ ની જુબાનીથી સમર્થન મળેલ છે. બીજા પક્ષકારની ઉલટતપાસમાં સંસ્થા ધ્વારા વિરુઘ્ધની કોઈ હકીકત રેકર્ડ પર લાવેલ નથી. પ્રથમ પક્ષકારના જણાવ્યા પ્રમાણે બીજા પક્ષકારને સંસ્થાની ખેતીની જમીનમાં થતાં શેરડી તથા ડાંગરના નિંદામણ માટે જરુર પડે ત્યારે રુા.૨૫/– ના રોજીંદા દરે બોલાવવામાં આવતા હતા અને વર્ષ દરમ્યાન શેરડીમાં ૨૪ દિવસ તથા ડાંગરમાં ૩૨ દિવસનુ નિંદામણનુ કામ થતુ હતુ તેમ જણાવેલ છે. આમ પ્રથમ પક્ષકારના જણાવ્યા પ્રમાણે બીજા પક્ષકારે રોજીદા દરે સંસ્થામાં કામ કરેલ હોવાની હકીકત સ્વીકૃત છે. પ્રથમ પક્ષકારે આશ્રમનુ ટ્રેકટર વેચાણ કરી દીધેલ હોય તે અંગે રેકર્ડ પર કોઈ પુરાવો રજુ કરેલ નથી. પ્રથમ પક્ષકારે પણ તેમની ઉલટતપાસમાં ''બીજા પક્ષકારને અમે જે વિભાગમાં કામગીરી કરવાનુ કહીએ તે વિભાગમાં કામગીરી કરવાની હતી. ગાયોની સારસંભાળ રોજેરોજ રાખવાની હતી. બીજા પક્ષકાર આશ્રમશાળામાં કામ કરતા હતા અને બીજા પક્ષકાર તેમને ત્યાં વર્ષોવર્ષથી કામચલાઉ રોજીંદા કામદાર તરીકે કામ કરે છે'' તેવી હકીકત કબુલ કરે છે. આમ, પ્રથમ પક્ષકારના કબુલ કર્યા મુજબ બીજા પક્ષકાર માત્ર નીંદવાનુ, ગોળવાનુ કામ કરતા ન હતા પરંતુ ખેતીકામ અને સંસ્થા જે વિભાગની કામગીરી કરવાનુ કહેતા તે વિભાગની તથા ગૌશાળાની ગાયોની દેખરેખ અને માવજત કરવાની કામગીરી વર્ષોવર્ષથી કરતા હતા તેવી હકીકત રેકર્ડ પર ખુલેલ છે. વળી બીજા પક્ષકારે તેમના માગણાના નિવેદન તથા જુબાનીની એફીડેવીટમાં પ્રથમ પક્ષકારની ૭૫ એકર જમીન હોવાનુ જણાવેલ છે. પરંતુ પ્રથમ પક્ષકારે તેમના લેખીત જવાબ જુબાનીની એફીડેવીટમાં જણાવ્યા પ્રમાણે ૪૫ વીંઘા જમીનમાં ખેતી, ૧૦ વીંઘા જમીનમાં આશ્રમનુ બાંઘકામ, ૫ વીંઘા જમીન ગૌશાળા અને ગૌચર માટે, ૨૦ વીંઘા જમીન વિદ્યાર્થીઓને પ્રેકટીકલ માટે ફાળવેલ છે. આ કુલ જમીન ગણતા ૮૦ વીંઘા જમીન

થાય છે. આ ૮૦ વીંઘા જમીન બાબતે રેકર્ડ પર કોઈ પુરાવો રજુ કરેલ નથી આમ, ૪૫ વીંઘા જમીનમાં ખેતી થાય છે અને તેમાં બીજા પક્ષકાર જેવા રોજીંદા કામદારોને રોકી ખેતીકામ કરાવવામાં આવે છે અને ખેતીમાંથી ઉત્પન્ન થયેલ ખેતપેદાશનુ વેચાણ કરી તેની આવક ટ્રસ્ટમાં જમા કરાવવામાં આવે છે વળી ગૌશાળામાં રાખવામાં આવતી ગાયોની સારસંભાળ, માવજતની કામગીરી રોજીંદા કામદારો પાસે કરાવી તેના દુધનુ વેચાણ કરાવી તેની આવક પણ ટ્રસ્ટમાં જમા કરાવવામાં આવે છે અને ટ્રસ્ટની આ આવકમાંથી બીજા પક્ષકાર જેવા રોજીંદા કામદારોને રુા.૨૫/- ના દરે મહેનતાણુ ચુકવવામાં આવે છે. વળી સંસ્થામાં ધો.૮ થી ૧૨ સુધીના તથા પીટીસીના વિદ્યાર્થીઓને રહેવાની, ભણવાની અને જમવાની સુવિધાઓ પુરી પાડવામાં આવે છે. પ્રથમ પક્ષકારે જુબાનીમાં કબુલ કર્યા મુજબ સંસ્થામાં શ્રી અધ્યાપન મંદિર વેડછી, શ્રી ઉત્તર બુનીયાદી વિદ્યાલય વેડછી, શ્રી ચુનીભાઈ મહેતા બાલવાડી વેડછી, શ્રી કુમાર છાત્રાલય વેડછી, શ્રી ગ્રામશાળા વેડછી, શ્રી આશ્રમ કાર્યાલય વેડછી, શ્રી આશ્રમ ખેતી વિભાગ વેડછી, શ્રી ગૌશાળા વેડછી નામની સંચાલીત સંસ્થાઓ આવેલી છે. આમ, પ્રથમ પક્ષકારે જુબાનીમાં જણાવ્યા પ્રમાણે ૧૦ વીંઘા જમીનમાં આશ્રમનુ બાંઘકામ આવેલ છે. એ રીતે જયારે સંસ્થાની ૪૫ વીંઘા જમીનમાં ખેતીકામ, ૫ વીંઘા જમીનમાં ગૌશાળા, ૧૦ વીંઘા જમીનમાં આશ્રમનુ બાંઘકામ હોય ત્યારે ખેતીકામ, ગૌશાળા, રસોડાના કામમાં તથા બાંઘકામ કરેલ મીલકતની સાફસફાઈ મરામતમાં એક કે બે કામદારની જરુર પડે નહી પરંતુ તે માટે એક કરતા વધારે કામદારની વધારે દિવસો સુધી સંસ્થાને જરુર પડે તેમ માનવામાં આવે છે. વળી ખેતીકામમાં માત્ર નિંદણ એકલાનુ કામ થતુ નથી પરંતુ પાકની વાવણી, લણણી, માવજત, વિગેરે કામગીરી કરવાની થતી હોય છે અને તે કામગીરી માત્ર ૨૪ દિવસ કે ૩૨ દિવસ પુરતી ચાલે છે તેવુ માનવુ ભુલભરેલુ ગણાય. પ્રથમ પક્ષકારે એવી રજુઆત કરેલ કે, નિંદામણનુ કામ પુરુ થતા કામદારો કામ પર આવવાનુ બંઘ કરી દેતા અને જરુર પડે ત્યારે રોજીંદા દરે બોલાવતા તેથી સળંગ નોકરી કરેલ નથી તેમ જણાવેલ છે. પરંતુ હાલના કેસની હકીકત અને સંજોગો ધ્યાને લેતાં પ્રથમ પક્ષકારે બીજા પક્ષકાર જેવા રોજીંદા કામદારોને કોઈ પ્રોજેકટ કે સ્કીમમાં ટેમ્પરરી રાખેલ હોય કે તેની નિમણુંક કોન્ટ્રાકટથી થયેલ હોય કે સ્કીમ અથવા પ્રોજેકટના અંત સાથે નોકરીનો અંત આવશે તેવો કરાર થયેલ હોય અને નોકરીનો અંત કયારે આવશે તેની

કામદારને નોકરીના પ્રથમ દિવસથી જાણ હોય તેવી હકીકત હોવાનુ જણાતુ નથી. હાલના કેસમાં બીજા પક્ષકાર ખેતીકામ સિવાય અન્ય પ્રવૃતિમાં કામ કરતા હતા અને તે કામનો કયારે અંત આવશે તેની તેઓને અગાઉથી કોઈ જાણકારી થયેલ નથી અને આવી કામગીરી વર્ષોવર્ષથી કરતા હોય તો તેવા સંજોગોમાં બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર સંસ્થા માત્ર નિંદામણના કામ માટે જરુર પડે બોલાવતા હોવાની અને તે કામ પુરુ થયા બાદ કામ પર આવતા બંધ થઈ જતા હોવાની પ્રથમ પક્ષકારની રજુઆત ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. વળી ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨(એસ) મુજબ કામદારની વ્યાખ્યામાં કાયમી કામદાર અને રોજીંદા કામચલાઉ કામદારનો કોઈ ભેદ રાખેલ નથી હકીકતમાં કામદાર કાયમી હોય કે રોજીંદા તે ઔદ્યોગિક વિવાદ ધારા મુજબ કામદાર જ ગણાય છે.

(૧૦.૭) હાલના કેસમાં બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા નોકરી અંગેના હાજરીકાર્ડ તથા પગારચીઠ્ઠી જેવા કોઈ પુરાવા આપતા ન હોય તેઓએ તેવા કોઈ પુરાવા રજુ કરેલ નથી અને પ્રથમ પક્ષકાર સંસ્થાના કામદાર હોવા અંગે આંક–૧૧ ની જુબાનીની એફીડેવીટ રજુ કરી માગણાના નિવેદનની હકીકતને સમર્થન કરેલ છે. ઉપર પેરા–૧૦.૫ માં જણાવેલ ચુકાદાઓના સિધ્ધાંત મુજબ જયારે માલીક કામદારને ૨૪૦ દિવસ નોકરી સતત પુર્ણ કર્યા અંગે હાજરીકાર્ડ કે પગારચીઠ્ઠી જેવા કોઈ પુરાવા આપતા ન હોય અને માલીક તેવા પુરાવા અસલ રજુ ન કરે તો જે ક્ષણે કામદાર માલીક વિરુધ્ધ સોગંદ પરનો પુરાવો રજુ કરે તો માલીક સામે વિરુધ્ધનુ અનુમાન થઈ શકે તેવા સિધ્ધાંત પ્રસ્થાપિત થયેલ છે. જો કામદારને નોકરી અંગેના પુરાવા આપતા હોય અને કામદાર તેવા પુરાવા રજુ ન કરે અને માત્ર પોતાની એફીડેવીટ ઉપર આધાર રાખે તો માલીક સામે વિરુધ્ધનુ અનુમાન થઈ શકે નહી પરંતુ હાલના કેસમાં પ્રથમ પક્ષકાર બીજા પક્ષકારને હાજરીકાર્ડ પગારચીઠ્ઠી જેવા પુરાવા આપતી નથી અને બીજા પક્ષકારે આંક–૧૧ ની જુબાનીની એફી. રજુ કરી પોતાના પર રહેલ પ્રાથમીક પુરાવાના બોજાનુ ખંડન કરેલ છે. પ્રથમ પક્ષકારે આંક–૧૮ ના લીસ્ટથી હાજરીપત્રક તથા પગારપત્રકની ઝેરોક્ષ કોપી રજુ કરેલ છે જે પત્રકો અસલ રજુ કરેલ નથી તેમજ બીજા પક્ષકારની ઉલટતપાસમાં રજુ કરી રીફર કરેલ નથી કે અસલ પત્રકો હયાતમાં છે કે કેમ અથવા ગુમ થયેલ છે કે તેનો નાશ થયેલ છે તે અંગેનો કોઈ ખુલાસો કરેલ ન હોય અને તે પુરવાર થયેલા ન હોય તેવા પુરાવા સેકન્ડરી

એવીડન્સ તરીકે પણ સદર કામે પુરાવામાં એડમીસીબલ નથી વળી પ્રથમ પક્ષકાર સંસ્થાના સાહેદના મૌખિક પુરાવાથી આંક–૧૮ ના લીસ્ટના દસ્તાવેજી પુરાવાની હકીકતને સમર્થન મળેલ નથી. પ્રથમ પક્ષકાર સંસ્થાના આંક–૧૩ ના સાહેદે તેમના પુરાવામાં સંસ્થાના કર્મચારીઓની જણાવેલ કુલ સંખ્યા કરતા રજુ કરેલ પત્રકોમાં કામદારોની સંખ્યાનો પુરાવો વિરોધાભાસી છે તેમજ માત્ર નઈતાલીમ અધ્યાપન અને ઉત્તરબુનીયાદી વિદ્યાલય વિભાગના કર્મચારીઓના પત્રકો રજુ કરેલા છે તે સિવાય સંસ્થાના અન્ય વિભાગોના કે રોજીંદા કામદારોના કર્મચારીઓના પત્રકો રજુ કરેલા નથી જેથી તેવા પુરાવા વિશ્વસનીય હોવાનુ પણ જણાતુ નથી. પ્રથમ પક્ષકારે તેમની જુબાનીમાં ૧૯૯૪ સુધી શિક્ષક તરીકે અને ૧૯૯૮ સુધી આચાર્ય તરીકે ફરજ બજાવેલી અને તેઓ શિક્ષક અને આચાર્ય તરીકે ફરજ બજાવતા હતા ત્યારે કોઈ સંસ્થાનો કોઈ વહીવટ કરવાનો ન હતો અને સને ૨૦૦૦ ના વર્ષથી વ્યવસ્થાપક ટ્રસ્ટી તરીકે જોડાયા તે પહેલા સંસ્થામાં કોણ કોણ કામ કરતુ હતુ તેની તેમને ખબર નહી હોવાનુ સ્પષ્ટપણે કબુલ કરેલ છે. આમ, બીજા પક્ષકાર તા.૧–૧–૨૦૦૦ અગાઉના ૩૦ વર્ષથી અનાજ કોઠાર વિભાગમાં અનાજ સાફ કરવાનુ તથા અનાજ જાળવણી તથા ખેતીકામના હોદ્દા પર કામ કરતા હોવાની હકીકત પ્રથમ પક્ષકારના સાહેદને હોઈ શકે નહી. પ્રથમ પક્ષકારે તેમની જુબાનીમાં બીજા પક્ષકારે ૨૪૦ દિવસ કામ કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે પરંતુ તેઓએ તેમની ઉલટતપાસમાં બીજા પક્ષકારે રોજીંદા કામદાર તરીકે વર્ષોવર્ષ કામ કરેલ હોવાનુ કબુલ કરેલ છે. આમ, બીજા પક્ષકારે પ્રથમ પક્ષકારના જવાબમા જણાવેલા દિવસો પ્રમાણે નહી પરંતુ વર્ષોવર્ષથી કામ કરેલ છે. જેથી પ્રથમ પક્ષકારના જવાબમાં જણાવ્યા પ્રમાણે નિંદામણ વખતે અમુક દિવસો પુરતા રોજીંદા દરે કામ કરેલ હોવાની હકીકત ખોટી હોવાનુ ઠરે છે. રોજીંદા કામદારોના હાજરીપત્રક અને પગારપત્રક નિભાવવામાં આવતા હોવા છતાં અને તે રજુ કરવાનો હુકમ કરેલ હોવા છતાં સંસ્થાએ તેવા રોજીંદા કામદારોના પત્રકો રજુ કરેલ નથી અને માત્ર ગ્રાન્ટેડ કર્મચારીઓના અમુક વિભાગના જ પત્રકો રજુ કરેલા છે. બીજા પક્ષકારને હાજરીકાર્ડ અને પગારચીઠ્ઠી જેવા કોઈ પુરાવા આપતા ન હતા તેથી તેઓએ ૩૦ વર્ષથી રોજીંદા દરે કામ કરેલ હોવા અંગે તેમની પાસે કોઈ પુરાવો હોઈ શકે નહી. બીજા પક્ષકારે પોતાની જુબાનીની એફી. થી પુરાવાના બોજાનુ ખંડન કરેલ છે ત્યારે ઓનર્સ ઓફ પ્રુફ સંસ્થા ઉપર ખસેલ

હોવા છતાં સંસ્થાએ બીજા પક્ષકારે માગણાના નિવેદનમાં જણાવ્યા પ્રમાણેના વર્ષો મુજબ કામ કરેલ નહી હોવા અંગેના કોઈ પુરાવા રજુ કરેલ નથી તેમજ આંક–૧૮ ના લીસ્ટના દસ્તાવેજો સાબીત થયેલા ન હોય અને તે પુરાવો ભરોસાપાત્ર અને વિશ્વસનીય હોવાનુ જણાતુ નથી. આમ, પ્રથમ પક્ષકારે તેમની સંસ્થાના કામદારોને નોકરી અંગેના કોઈ પુરાવા આપતા હોય તેવા કોઈ પુરાવા રજુ કરેલ નથી બીજા પક્ષકારને નોકરી અંગેના કોઈ પુરાવા આપતા ન હોય ત્યારે તેઓએ આંક–૧૧ની જુબાનીની એફી. રજુ કરી માગણાના નિવદનની હકીકતને સમર્થન કરેલ છે અને તેમની ઉલટતપાસમાં વિરુધ્ધની કોઈ હકીકત પ્રથમ પક્ષકાર રેકર્ડ પર લાવી શકેલ નથી વળી પ્રથમ પક્ષકારે તેમના લેખીત જવાબમાં લીધેલ બચાવની હકીકત સાબીત કરવામાં નિષ્ફળ ગયેલા છે જેથી બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં વર્ષોવર્ષથી રોજીંદા કામદાર તરીકે કામ કરેલ હોવાનુ અને તેમની વચ્ચે કામદાર માલીકના સંબંધો હોવાનુ પ્રથમ પક્ષકાર સામે વિરુધ્ધનુ અનુમાન કરવાને કારણ રહે છે તેમ આ અદાલતનુ માનવુ છે.

(૧૦.૮) બીજા પક્ષકારે તેમના માગણાના નિવેદન તથા જુબાનીમાં પ્રથમ પક્ષકારે તા.૧–૧–૨૦૦૦ ના રોજ મૌખિક હુકમથી નોકરીમાંથી ગેરકાયદેસર છુટા કરેલ હોવાની હકીકત જણાવેલ છે જયારે મદદનીશ મજુર કમીશનર સમક્ષની ફરીયાદમાં પણ છુટા કર્યા તારીખ ૧–૧–૨૦૦૦ જણાવેલ છે બીજા પક્ષકારે તેમના માગણાના નિવેદન તથા જુબાનીની એફી. માં બીજા પક્ષકારને મજુર કાયદાના હકો અને લાભો ન મળતા અને લઘુતમ વેતનથી ઓછા દરે મહેનતાણુ ચુકવતા તેનો વિરોધ કરતા તા.૧–૧–૨૦૦૦ના રોજ સંસ્થાએ મૌખિક હુકમથી નોકરીમાંથી કાઢી મુકેલ છે અને ત્યારબાદ બીજા પક્ષકાર તેમની નોકરીની ફરજ પર હાજર થવા જતા હાજર કરેલ નહી અને કામ પર લેવાની ના પાડેલ. આમ, પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને કોઈપણ જાતની કાયદેસરની કાર્યવાહી કર્યા વગર કાઢી મુકેલ હોવાની હકીકતને બીજા પક્ષકારની જુબાનીથી સમર્થન મળેલ છે. જેથી બીજા પક્ષકારની જુબાનીની એફી.ની હકીકત નહી માનવાને કોઈ કારણ નથી. આમ, પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને કોઈપણ જાતની કાયદેસરની કાર્યવાહી કર્યા વગર કાઢી મુકેલ હોવાની હકીકતને બીજા પક્ષકારની જુબાનીથી સમર્થન મળેલ છે. બીજા પક્ષકારની ઉલટતપાસમાં પ્રથમ પક્ષકાર સંસ્થામાં ૩૦ વર્ષથી કામ કરતા હોવા બાબતે અને વર્ષમાં ૩૫૦ દિવસથી વધુ દિવસ

કામ કરેલ તે બાબતના કોઈ પુરાવા રજુ કરેલ નહીં હોવાની પ્રથમ પક્ષકારે તકરાર લીધેલ છે. પરંતુ જયારે બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર ઘ્વારા કોઈ પુરાવા આપવામાં આવતા જ ન હોય ત્યારે તેવા પુરાવા બીજા પક્ષકાર પાસે હોઈ શકે નહીં તેથી બીજા પક્ષકાર રજુ કરી શકે નહીં. બીજા પક્ષકારે જુબાનીની એફીડેવીટમાં જણાવેલ હકીકતને ખંડન કરતો કોઈ પુરાવો પ્રથમ પક્ષકાર ઘ્વારા ઉલટતપાસમાં રેકર્ડ પર લાવવામાં આવેલ નથી. પ્રથમ પક્ષકારે આંક–૧૮ ના લીસ્ટથી રજુ કરેલ દસ્તાવેજી પુરાવા અસલ રજુ કરેલ નથી કે તે પુરવાર કરેલ નથી તેમજ પ્રથમ પક્ષકારના સાહેદના પુરાવામાં બીજા પક્ષકારે રોજીંદા કામદાર તરીકે વર્ષો વર્ષ સંસ્થામાં કામ કરેલ હોવાનુ રેકર્ડ પર ખુલેલ છે. આમ, બીજા પક્ષકારે ૨૪૦ દિવસ કામ કરેલ હોવા અંગે તેમની મૌખિક જુબાની તથા પ્રથમ પક્ષકારની જુબાનીથી સાબીત થાય છે. આમ, બીજા પક્ષકારના માગણાના નિવેદન તથા સોગંદ પરની જુબાનીમાં જણાવેલ હકીકતથી વિરુઘ્ધના કોઈ પુરાવા પ્રથમ પક્ષકારે રજુ કરેલ ન હોય બીજા પક્ષકારના માગણાના નિવેદનની તથા જુબાનીની એફીડેવીટની હકીકત નહી માનવાને કોઈ કારણ નથી અને એ રીતે બીજા પક્ષકારને તા.૧–૧–૨૦૦૦ ના રોજ છુટા કરેલ તેના આગલા વર્ષ દરમ્યાન ૨૪૦ દિવસથી વઘુ દિવસ કામ કરેલ હોવાનુ પ્રથમ પક્ષકાર સામે વિરુઘ્ધનુ અનુમાન કરવાને કારણ રહે છે. તેવા સંજોગોમાં ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૫–એફ ઘ્યાને લેતાં કામદાર કાયમી હોય કે હંગામી હોય જો તેઓને છુટા કરવામાં આવેલ હોય તે સમયે તે તારીખથી આગલા વર્ષ દરમ્યાન એટલે કે આગલા ૧૨ માસ દરમ્યાન તેઓએ નોકરીની ફરજ બજાવેલ હોવી જોઈએ અને આવા એક વર્ષ દરમ્યાન જો ૨૪૦ દિવસથી વઘુ ફરજ કામદારે બજાવેલી હોય તો સંસ્થાના માલીકને કાયદાની કલમ ૨૫–એફ ની જોગવાઈમાં જણાવ્યા મુજબની પુર્વશરતોનું પાલન કર્યા સિવાય છુટા કરવાનો કોઈ હક પ્રાપ્ત થતો નથી અને કાયદામાં કાયદેસરની કાર્યવાહી કરવાની જવાબદારી માલીકની છે જેથી સંસ્થાના માલીક આ શરતોનું પાલન કર્યા વગર કામદારને છુટા કરી શકે નહીં. આ જે પુર્વશરતો ઘ્યાને લઈએ તો (૧) કામદારને છુટા કરતાં સમયે એક મહીનાની લેખીત નોટીસ આપવામાં આવેલ હોવી જોઈએ. જે લેખીત નોટીસ આપવામાં ન આવી હોય અને જો નોટીસની મુદત પુરી ન થઈ હોય તો આવી નોટીસને બદલે નોટીસની મુદત સુધીનું વેતન આપવામાં ન આવે ત્યાં સુધી (૨) કામદારને છુટા

કરતાં સમયે તેઓએ પુરા કરેલ દરેક વર્ષ માટે છ મહીનાથી વઘુ હોય તેવા તેના ભાગ માટે ૧૫ દિવસના સરેરાશ પગાર જેટલુ વળતર આપવામાં ન આવે ત્યાં સુધી અને સમુચિત સરકાર અથવા એ સરકારી ગેઝેટમાં જાહેરનામુ પ્રસિધ્ધ કરીને નિર્દિષ્ટ કરી તેના સત્તાધિકાર ઉપર ઠરાવેલી રીતે નોટીસ બજાવવામાં ન આવે ત્યાં સુધી કામદારની નોકરીની સમાપ્તિ સંસ્થાના માલીક કરી શકે નહીં. આવી કોઈ પુર્વશરતોનું પાલન પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને છુટા કરતા સમયે કરેલ હોય તેવા કોઈ પુરાવા પ્રથમ પક્ષકારે રજુ કરેલ નથી અને જયારે આવી પુર્વશરતોનું પાલન માલીકે ન કરેલ હોય ત્યારે કાયદાની કલમ ૨૫–એફ મુજબનો લાભ બીજા પક્ષકાર કામદાર મેળવવા હકદાર થાય છે. કારણ કે બીજા પક્ષકારે ૨૪૦ દિવસથી વઘુ કામ કરેલ હોવાનું વિરુધ્ધના અનુમાનથી પુરવાર કરેલ છે તેવા સંજોગોમાં નામદાર સુપ્રીમકોર્ટ તથા વિવિઘ હાઈકોર્ટના અનેક ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંત મુજબ બીજા પક્ષકારને નોટીસ, નોટીસપગાર, છટણી વળતર આપ્યા વગર ગેરકાયદેસર રીતે છુટા કરવામાં આવેલ હોય અને કાયદા ધ્વારા જે જોગવાઈ કરવામાં આવેલ છે તેનું પાલન કર્યા વગર છુટા કરેલ હોય આવુ છુટા કરવાનું પ્રથમ પક્ષકાર સંસ્થાનું પગલુ પ્રથમથી જ ગેરકાયદેસર છે. આમ, રેકર્ડ પર રજુ થયેલા પુરાવા ઘ્યાને લેતાં બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થાના કામદાર હોવાનુ અને તેમની વચ્ચે કામદાર માલીકના સંબંધો હોવાનુ તથા પ્રથમ પક્ષકારે તા.૧–૧–૨૦૦૦ના રોજ કાયદાકીય જોગવાઈનુ પાલન કર્યા સિવાય બીજા પક્ષકારને મૌખિક હુકમથી ગેરકાયદેસર રીતે છુટા કરેલ હોવાનુ પુરવાર થતુ હોય **મુદૃા નં.૨ તથા ૩** નો જવાબ **હકાર**માં આપવામાં આવે છે.

<u>મુદૃા નં. ૪ :–</u>

(૧૧) ઉપરોકત મુદૃા નં.૨ તથા ૩ માં ચર્ચા કર્યા મુજબ બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થાના કામદાર હોવાનું અને બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર ધ્વારા ઔધોગિક તકરાર અધિનિયમની કલમ–૨૫(એફ) ની જોગવાઈની કાર્યવાહી અનુસર્યા વગર છુટા કરેલ હોય જે ગેરકાયદેસર રીતે છુટા કરેલ હોવાનું ઠરાવવામાં આવેલ છે તેવા સંજોગોમાં બીજા પક્ષકારને પડેલા દિવસોના પુરેપુરા પગાર તથા નોકરીમાં પુન:સ્થાપિત કરવા અંગેનો નિર્ણય કોર્ટે કરવાનો રહે છે.

પ્રથમ પક્ષકારે રજુ કરેલ **2011 (129) FLR 948 (S.C.) યુ.પી.સ્ટેટ ટેક્ષટાઈલ કોર્પોરેશન લી. વિ. સુરેશકુમાર**નો ચુકાદો માનસહ વંચાણે લીધો તેમાં નામદાર સુપ્રીમકોર્ટે ઠરાવેલ કે, પડેલા દિવસોના પગાર નકકી કરવાની સત્તા એ કોર્ટની વિવેકાધીન સત્તા છે પડેલા દિવસોના પગાર નકકી કરતી વખતે કામદારની વર્તણુંક અને માલીકની આર્થિક પરિસ્થિતિ ધ્યાને રાખવી જોઈએ.

પ્રથમ પક્ષકારે રજુ કરેલ અન્ય ચુકાદાઓ 2005 LLR 275 (S.C.) કેન્દ્રીય વિદ્યાલય સંગઠન અને બીજાઓ વિ. એસ.સી.શર્મા તથા 2007 (113) FLR 197(S.C.) યુનીયન ઓફ ઈન્ડીયા અને બીજાઓ વિ. પી.આર. કટ્ટાપ્પન તથા 2011 (130) FLR 759 (GUJ.H.C.) ભોજાભાઈ દાનાભાઈ રબારી વિ. સ્ટેટ ઓફ ગુજરાત તથા 2012 (134) FLR 670 (GUJ.H.C.) ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન વિ. કચરાભાઈ વિઠૃલભાઈ ભોઈ તથા 2016 LLR 1233 (BOM.H.C.) ડી.ટી.સી. વિ. જ્ઞાનચંદ તથા 2017 (4) 155 (GUJ.H.C.) વંકસન કેમીકલ્સ પ્રા.લી. વિ. રજનીકાંત ચતુરભાઈ પટેલ તથા 2018 (157) FLR 154 (S.C.) પી.કરુપ્પીયાહ (ડી) બાય એલ.આર.એસ.વિ. જનરલ મેનેજર, થિરુવલ્લુવર ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન લી. તથા 2007 LLR 1164 (GUJ.H.C.) ગોપાલ નંદકિશોર શર્મા વિ. મેનેજર નાણાવટી એસોસીએટસના ચુકાદા માનસહ વંચાણે લીધા તેના પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત સાથે આ અદાલત સહમત છે પરંતુ તે દરેક કેસની હકીકત અને સંજોગો ઉપર આધારીત છે.

હાલના કેસમાં બીજા પક્ષકારને ગેરકાયદેસર છુટા કરેલ હોવાનુ ઠરાવવા માત્રથી તેઓ પડેલા દિવસોનો પુરેપુરો પગાર આપોઆપ મેળવવા હકદાર થતા નથી. તે અંગેનો નિર્ણય કરતા સમયે કોર્ટે કામદારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં જે નોકરી કરેલ છે તે નોકરીનો પ્રકાર, નોકરીની લંબાઈ, જે પ્રકારની નોકરી કરતા હતા તેવી નોકરી મળવાની શકયતા તથા બીજા પક્ષકારને છુટા કરવામાં આવ્યા ત્યારબાદ તેઓએ અન્ય જગ્યાએ નોકરી કરી આર્થિક નાણાકીય લાભ મેળવેલ છે કે કેમ તથા પ્રથમ પક્ષકાર સંસ્થાની આર્થિક પરિસ્થિતિ અને આર્થિક બોજો વિગેરે તમામ હકીકતો ધ્યાને લઈ પડેલા દિવસોના પગાર અંગે અદાલતે નિર્ણય કરવાનો હોય છે અને તે સત્તા કોર્ટને વિવેકાધીન સત્તા છે એ માટે કોઈ જેકેટ ફોર્મ્યુલા નથી પરંતુ કેસની હકીકત સંજોગો

આધારે નકકી કરવાનુ હોય છે. બીજા પક્ષકારે કામ મેળવવા પુરતા પ્રયત્નો કરેલ હોવા છતાં કોઈ કામ મળેલ ન હોય તેવુ પુરવાર કરેલ હોવુ જોઈએ. સદર કામે બીજા પક્ષકારે તેમની ઉલટતપાસમાં જણાવેલ છે કે, ''હુ હાલમાં બીજે કયાંય કામ કરતી નથી. હુ એકલી રહુ છુ. મારા કુટુંબમાં બીજુ કોઈ નથી. મારુ ગુજરાન હુ મારી જાતે ચલાવુ છુ. મે કોઈ પણ જગ્યાએ કામ મેળવવા લેખીત અરજી કરેલ નથી. ''તેમ કબુલ કરેલ છે. બીજા પક્ષકારે તેમની ઉલટતપાસમાં તેમનુ ગુજરાન તેઓ તેમની જાતે જ કરતા હોવાનુ જણાવેલ છે પરંતુ તે આવક નિયમીત હોવાનુ માની શકાય નહી. આ કામે તેઓએ નોકરી મેળવવા પ્રયત્ન કરેલ હોય તે અંગેના કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. પ્રથમ પક્ષકારના સાહેદે તેમના પુરાવામાં બીજા પક્ષકારને નોકરી પર લઈ જવાની ના પાડેલ છે. બીજા પક્ષકાર અન્ય કોઈ સંસ્થામાં નોકરી કરી આવક મેળવે છે તે અંગે પ્રથમ પક્ષકાર સંસ્થાએ કોઈ પુરાવો રજુ કરેલ નથી. બીજા પક્ષકારે તેમની જુબાનીની એફી. માં સ્પષ્ટ જણાવેલ છે કે તેઓ જે કામ કરતા હતા તે આજે પણ ચાલુ છે અને તેમને નોકરીમાંથી કાઢી મુકયા બાદ તેમની જગ્યાએ બીજા કામદારની ભરતી કરેલ છે. આમ, બીજા પક્ષકાર રોજીંદા દરે જે કામગીરી કરતા હતા તે કામગીરી હાલમાં ચાલુ હોવાનુ અને તેમની જગ્યાએ બીજા કામદાર કામ કરતા હોવાની હકીકત રેકર્ડ પર ખુલેલ છે. પ્રથમ પક્ષકારના જણાવ્યા પ્રમાણે બીજા પક્ષકારને રુા.૨૫/– ના દરે કામ માટે બોલાવતા હતા. બીજા પક્ષકારને નોકરીમાંથી કાઢી મુકયા બાદ તેઓ બેકાર છે અને નોકરી શોધવા પ્રયત્ન કરવા છતાં નોકરી મળેલ નથી તે સાબીત કરવાની જવાબદારી બીજા પક્ષકારની છે. બીજા પક્ષકારે તેમની જુબાનીમાં તેઓએ અન્ય જગ્યાએ નોકરી મેળવવા પ્રયત્ન કરેલા પરંતુ નોકરી મળેલ નથી તેમ જણાવેલ છે પરંતુ તે અંગેના કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. આ સંજોગોમાં પડેલા દિવસોના પગાર અંગે હુકમ કરતા પહેલા બીજા પક્ષકારે નોકરી મેળવવા કરેલ પ્રયત્નો, નોકરીનો સમયગાળો, જે પ્રકારની નોકરી કરતા હતા તેવી નોકરી મળવાની શકયતા તથા નોકરીનો અનુભવ અને છુટા કર્યા બાદ તેઓએ અન્ય જગ્યાએ નોકરી કરી આર્થિક નાણાકીય લાભ મેળવેલ છે કે કેમ તે તમામ હકીકતો ધ્યાને લેવી જોઈએ પરંતુ હાલના કેસમાં બીજા પક્ષકારે નોકરી મેળવવા પ્રયત્ન કરેલ હોય તેવા કોઈ પુરાવા રેકર્ડ પર રજુ કરેલ ન હોય તે સંજોગોમાં આટલા વર્ષો સુધી અને કારમી મોંઘવારીમાં કોઈપણ વ્યકિત કોઈપણ કામકાજ કે નોકરી વગર સંપુર્ણ બેસી રહેલા

હોય તે માની શકાય તેમ નથી. માલીક સંસ્થાએ કામદારને નોકરીમાંથી કાઢી મુકયો હોય અને ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૫–એફ નો ભંગ થયેલ હોય તો તેવા દરેક કિસ્સામાં કામદારને પુન:સ્થાપિત કરવા જ જોઈએ તેવુ જરુરી નથી. પરંતુ આ નિર્ણય કરતાં સમયે કોર્ટે તે સંસ્થા કે તેનુ કામકાજ ચાલુ છે કે કેમ, કામદારની નોકરીનો સમયગાળો, કામનું સ્વરુપ, કામદારની ઉંમર તથા કેસ ચાલતા થયેલ સમયગાળો, નોકરી મળવાની શકયતા જેવા અનેક પરીબળો ધ્યાને લેવા જોઈએ અને જયારે કામદારને પુન:સ્થાપિત કરી શકાય તેમ ન હોય તો યોગ્ય રકમનું વળતર ચુકવવાનો પણ હુકમ કરી શકાય છે તેવું નામદાર સુપ્રીમકોર્ટ તથા નામદાર હાઈકોર્ટના ઘણા ચુકાદામાં ઠરાવવામાં આવેલ છે. હાલના કેસમાં બીજા પક્ષકારના જણાવ્યા પ્રમાણે તેઓને તા.૧–૧–૨૦૦૦ ના રોજ નોકરીમાંથી છુટા કરેલ જે અંગેની મજુર કમીશનર સમક્ષ સૌપ્રથમ ફરીયાદ તા.૨–૧–૨૦૦૭ ના રોજ કરેલ અને આંક–૭ થી માગણાનુ નિવેદન તા.૮–૨–૧૧ ના રોજ રજુ કરેલ છે આમ, બીજા પક્ષકારે છુટા કર્યા બાદ સાત વર્ષ પછી રેફરન્સની કાર્યવાહી કરેલ અને તેના ચાર વર્ષ બાદ માગણાનુ નિવેદન રજુ કરેલ છે એ રીતે આ કેસની કાર્યવાહીમાં ૧૨ વર્ષ જેટલો સમય વીતેલ છે જે હકીકત પણ ધ્યાને લેવી જરુરી જણાય છે અને બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કર્યા બાદ પુન:સ્થાપન કરવા બીજા પક્ષકાર ધ્વારા ત્વરીત કાર્યવાહી થયેલ નહી હોવાનુ જણાય છે. વળી બીજા પક્ષકારની હાલમાં ૬૩ વર્ષથી વધુની ઉંમર હોય નિવૃતિવયની ઉંમર ધ્યાને લેતાં તેમજ તેમની જગ્યાએ અન્ય કામદાર કામ કરતા હોવાની હકીકત ધ્યાને લેતાં બીજા પક્ષકારને પુન:સ્થાપિત કરવાનો હુકમ કરવો યોગ્ય જણાતો નથી પરંતુ બીજા પક્ષકારને પડેલા દિવસોના પગારના બદલે તેમની નોકરીનો સમયગાળો તથા કાયદા મુજબ મળવાપાત્ર લાભો વિગેરે ધ્યાને લઈ વળતરની રકમ ચુકવવાનો નિર્ણય કરવો ઉચિત જણાય છે. આમ, રેકર્ડ પર રજુ થયેલ પુરાવા તથા હાલના કેસના સંજોગો ધ્યાને લેતાં બીજા પક્ષકારને પડેલા દિવસોના પગાર તથા આનુસાંગિક લાભો સાથે પુન:સ્થાપિત કરવાને બદલે પડેલા દિવસોના પગાર તથા નોકરી અંગેના કાયદેસરના લાભોના બદલામાં ઉચ્ચક **રુા.૫૦,૦૦૦/–** વળતર પેટે ચુકવવાનો હુકમ કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ હોય **મુદૃા નં.૪** નો નિર્ણય **અંશત: હકાર**માં આપી **મુદૃા નં.૫** નો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

:: હુકમ ::

બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થાના કામદાર હોવાનું અને તેમની વચ્ચે કામદાર માલીકના સંબંધો હોવાનુ તથા પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને તા.૧-૧-૨૦૦૦ના રોજ મૌખિક હુકમથી નોકરીમાંથી ગેરકાયદેસર છુટા કરેલ હોવાનું ઠરાવવામાં આવે છે.

બીજા પક્ષકારને પુન:સ્થાપિત કરવાને બદલે પડેલા દિવસોના પગાર તથા નોકરી અંગેના કાયદેસરના લાભોના બદલામાં ઉચ્ચક **રૂા.૫૦,૦૦૦/-**(અંકે રુપીયા પચાસ હજાર પુરા) વળતર પેટે પ્રથમ પક્ષકારે હુકમની નકલ મળેથી દિન.૩૦ માં બીજા પક્ષકારને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

આ હુકમ આજરોજ તા.૧૦-૪-૨૦૧૯ ના રોજ જાહેર કર્યો.

સુરત.
તા.૧૦-૪-૨૦૧૯.

(અબ્બાસમીયા મહંમદમીયા શેખ)
પ્રિસાઈડીંગ ઓફીસર, મજુર અદાલત, સુરત
U.I.C. No. GJ01031